CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૮ | ગુરૂવાર તા.૨૦-૦૮-૨૦૨૬ | અંક : ૧૯૮ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# વર્ષ ૨૦૨૭થી બદલાશે પર્સનલ અને હોમ લોનનો નિયમ

## RBI લાવી નવો પ્રસ્તાવ, ડ્રાફ્ટ પર ૧૧ સપ્ટેમ્બર સુધી સૂચનો મંગાવાયા, ૧ એપ્રિલ-૨૦૨૭થી અમલમાં આવશે



નવીદિલ્હી,

ભારતીય રિઝર્વ બેન્ક આગામી સમયમાં એક એવા મહત્ત્વપૂર્ણ ફેરફારનો પ્રસ્તાવ લાવી રહી છે, જેનાથી ફ્લોટિંગ રેટ લોન પર વ્યાજ દરોમાં થતા ફેરફારની અસર ગ્રાહકો પર ખૂબ ઝડપથી જોવા મળશે.

RBIની આ નવી ફ્રેમવર્ક યોજના હાલમાં માત્ર એક ડ્રાફ્ટ (ખરડો) છે, જેના પર ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી સૂચનો મંગાવવામાં આવ્યા છે. જો આ પ્રસ્તાવને મંજૂરી મળશે તો આ નિયમ ૧ એપ્રિલ, ૨૦૨૭થી અમલમાં આવશે. જોકે આ નિયમથી હોમ લોનની ઈએમઆઈમાં તુરંત કોઈ ફેરફાર નહીં થાય, પરંતુ રિઝર્વ બેન્ક દ્વારા દરોમાં ઘટાડો કે વધારો કરવાનો લાભ કે અસરો લોન ધારકો સુધી પહોંચવાની પ્રક્રિયા ઘણી બદલાઈ જશે.

RBIનો સૌથી મોટો પ્રસ્તાવિત ફેરફાર વ્યાજ દરોના રીસેટ સમયગાળા સાથે જોડાયેલો છે. હાલમાં મોટાભાગની ફ્લોટિંગ-રેટ લોન વર્ષમાં માત્ર એક જ વાર રીસેટ થાય છે. આના કારણે ઈએમઆઈ દ્વારા રેપો રેટમાં ઘટાડો કર્યા બાદ પણ લોન ધારકોને તેનો લાભ મેળવવામાં મહિનાઓ લાગી જતા હતા. પ્રસ્તાવિત નિયમ હેઠળ હવે ફ્લોટિંગ રેટ લોન વધુમાં વધુ ત્રણ મહિનાની અંદર રીસેટ કરવી પડશે. આનાથી રેપો રેટ આધારિત હોમ લોન લેનારાઓને વ્યાજ દરો ઘટવાનો લાભ ઝડપથી મળશે, પરંતુ સામે પક્ષે વ્યાજ દરો વધવાની સ્થિતિમાં તેની અસર પણ વહેલી જોવા મળશે.

RBIનો આ નવો રીસેટ ફ્રેમવર્ક મુખ્યત્વે ફ્લોટિંગ-રેટ લોન પર લાગુ થાય છે. રિટેલ લેન્ડિંગ ક્ષેત્રે તે ખાસ કરીને હોમ લોન પર અસર કરશે. મોટાભાગની પર્સનલ અને ઓટો લોન ફિક્સ-રેટ આધારિત હોવાથી આ નિયમોને કારણે હયાત પર્સનલ લોનની ઈએમઆઈમાં અચાનક કોઈ બદલાવ નહી આવે. જોકે, નવા લોન ધારકો માટે પારદર્શિતા વધશે અને લોન એગ્રીમેન્ટમાં જ બેન્ચમાર્ક, રેટ રીસેટની ફ્રીક્વન્સી અને રીસેટ તારીખ જેવી વિગતો સ્પષ્ટપણે દર્શાવવી પડશે. આ ઉપરાંત ડ્રાફ્ટમાં સ્પ્રેડના નોન-ક્રેડિટ હિસ્સામાં ત્રણ વર્ષ સુધી કોઈ ફેરફાર ન કરવાનો પ્રસ્તાવ પણ છે. ફ્લોટિંગ-રેટ પર ચાલી રહેલી જૂની હોમ લોન ધરાવતા ગ્રાહકોએ હાલમાં કંઈ કરવાની જરૂર નથી. પ્રસ્તાવિત નિયમ મુજબ, હયાત લોન ૧ એપ્રિલ ૨૦૨૯ સુધીમાં નવી સિસ્ટમમાં ટ્રાન્સફર કરી દેવાશે, જેના માટે ગ્રાહક સંમતિ જરૂરી રહેશે. આ ફેરફાર માટે બેન્કો કોઈ પ્રોસેસિંગ ફી લઈ શકશે નહી કે માત્ર સિસ્ટમ બદલાવાને કારણે વ્યાજ દર વધારી શકશે નહીં. રીસેટ સમયે ગ્રાહકો પાસે ફિક્સ-રેટ લોન પર શિફ્ટ થવાનો અથવા ક્રેડિટ પ્રોફાઈલ સુધરી હોય તો ઓછા સ્પ્રેડની માંગ કરવાનો પણ વિકલ્પ રહેશે.

# શેરબજાર હવે ૨૩ કલાક ખુલ્લું રહેશે!?

## નાસ્ડેકે શરૂ કરી તૈયારી; જાણો રોકાણકારોને ક્યારથી મળશે નવી સુવિધા

વોશિંગટન,

દુનિયાની કેટલીક મોટી ટેક કંપનીઓના શેર્સને ટ્રેક કરનાર નાસ્ડેકે એવી યોજના તૈયાર કરી છે જેનાથી દિવસના ૨૪ માંથી ૨૩ કલાક ટ્રેડિંગ થઈ શકશે.

સીએનબીસી-ટીવીના રિપોર્ટ અનુસાર નાસ્ડેકની યોજના રાત્રે ૯ વાગ્યાથી સવારે ૪ વાગ્યા સુધી ET (ઈસ્ટર્ન ટાઈમ ઝોન) નવું ઓવરનાઈટ ટ્રેડિંગ સેશન શરૂ કરવાની છે. જો આ યોજના હેઠળ ટ્રેડિંગ શરૂ થાય છે તો નાસ્ડેક સ્ટોક માર્કેટમાં અઠવાડિયામાં પાંચ દિવસ લગભગ દરરોજ ૨૩ કલાક ટ્રેડિંગ શક્ય બનશે. નવું સેશન હાલમાં ૬ ડિસેમ્બર ૨૦૨૬ થી શરૂ થવાની અપેક્ષા છે. જોકે, હજુ આ અમેરિકી બજાર નિયામક SEC ની મંજૂરી અને SIPની તૈયારીથી નક્કી થશે.

પ્રસ્તાવિત શેડ્યૂલ હેઠળ ટ્રેડિંગ રવિવારે રાત્રે ૯ વાગ્યાથી શુક્રવારે રાત્રે ૮ વાગ્યા (ET) સુધી ચાલશે. દરરોજ રાત્રે ૮ વાગ્યાથી ૯ વાગ્યા (ET) સુધી એક કલાકનો બ્રેક હશે, જેનો ઉપયોગ પ્રોસેસિંગ અને આગામી ટ્રેડિંગ ડેમાં ટ્રાન્ઝિશન માટે કરવામાં આવશે. જ્યારે નાસ્ડેકના હાલના સવારે ૪ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા (ET) સુધીના ટ્રેડિંગ કલાકોમાં કોઈ ફેરફાર થશે નહીં. નાસ્ડેકે આ નિર્ણય દુનિયાભરના રોકાણકારો માટે અમેરિકી સ્ટોક્સ સુધી પહોંચ વધારવાના પ્રયાસનો એક ભાગ છે. અમેરિકા બહારના રોકાણકારોની માગ સતત વધી રહી છે.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ, નોકરિયાતો પર ડિપાર્ટનું જોખમ

## ૧૫ દિવસમાંજ અમેરિકાએ ૫૨૦૦ લોકોને ડિપોર્ટ કર્યા, કેનેડા પણ અમેરિકાની રાહ પર ચાલશે?

વોશિંગટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા વર્ષે મિશન ડિપોર્ટેશન તેજ કરી દીધું છે. હાલમાં ઓગસ્ટના પહેલા ૧૫ દિવસમાં જ ૫૨૦૦થી વધુ ભારતીયોને ડિપોર્ટ કરવામાં આવ્યા છે. આ વખતની ડિપોર્ટેશન લિસ્ટમાં H-1B, O-1 અને સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા ગયેલા ભારતીયો પણ સામેલ છે. આ પ્રોફેશનલ્સની પણ સારી એવી સંખ્યા છે. આ વર્ષે દર ત્રીજા અઠવાડિયે એક ડિપોર્ટેશન ફ્લાઈટ રવાના કરવામાં આવી.

જ્યારે, કેનેડાની આલ્બર્ટા પ્રાંતીય સરકારે પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWPP) રદ કરી દીધું. હવે ત્યાં અભ્યાસ કરી રહેલા લગભગ ૧૫૦૦ ભારતીય વિદ્યાર્થીઓ પર ડિપોર્ટેશનનું જોખમ વધી ગયું છે. ઈમિગ્રેશન એજન્સી (આઈસ) ના એક અધિકારી મુજબ ગેરકાયદેસર પ્રવાસીઓ વિરુદ્ધ તેમની ધરપકડ અને ડિપોર્ટેશન બંનેની સંખ્યામાં વધારો થયો છે. આ વર્ષના અંત સુધીમાં ડિપોર્ટ થનારા ગેરકાયદેસર પ્રવાસીઓની રેકોર્ડ સંખ્યા થવાની છે. આઈસે જૂનમાં જ ૮૦૧ ભારતીયોને રિમૂવલ ઓર્ડર જારી કર્યો. જોકે, આ રિમૂવલ ઓર્ડરથી તરત ડિપોર્ટેશન થતું નથી. તેની વિરુદ્ધ કોર્ટમાં અપીલ કરી શકાય છે અથવા સંબંધિત વ્યક્તિ પોતાની ઈચ્છાથી અમેરિકા છોડી શકે છે.

# કાશ્મીર ભારતનું જ, અમેરિકાના નિવેદનથી પાકિસ્તાનને પેટમાં દુ:ખ્યું!

## અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે શ્રીનગર ખાતે આપેલા એક નિવેદનથી પાકિસ્તાનમાં ખળભળાટ, ઈસ્લામાબાદ ખાતેના અમેરિકન ઉપ-રાજદૂતને વિરોધ પત્ર પાઠવી પાકિસ્તાને નિવેદનને ફગાવ્યું

ઈસ્લામાબાદ,

અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે શ્રીનગરમાં 'જમ્મુ-કાશ્મીર ભારતનો ભાગ છે' તેવા નિવેદનથી પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો છે. તેમણે અમેરિકન નાગરિકોને કાશ્મીરની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવાની વાત પણ કરી હતી. પાકિસ્તાને ઈસ્લામાબાદ ખાતેના અમેરિકન ઉપ-રાજદૂતને વિરોધ પત્ર પાઠવી આ નિવેદનને ફગાવ્યું હતું.

જોકે, પાકિસ્તાને ટ્રમ્પને કાશ્મીર મુદ્દે મધ્યસ્થી કરવા વિનંતી પણ કરી હતી, જે



તેની બેવડી નીતિ દર્શાવે છે.

અમેરિકન પ્રમુખના ભારત સ્થિત રાજદૂત સર્જિયો ગોરે શ્રીનગર ખાતે આપેલા એક મહત્ત્વના નિવેદનને કારણે પાકિસ્તાનમાં મોટો ખળભળાટ મચી ગયો છે. ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે કાશ્મીર પ્રવાસ દરમિયાન સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે 'જમ્મુ-કાશ્મીર ભારતનો જ ભાગ છે.' આ સાથે તેમણે અમેરિકન નાગરિકોને કાશ્મીરની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવાની અને ટ્રાવેલ એડવાઈઝરીની સમીક્ષા કરવાની વાત પણ કરી હતી. સુપરપાવર દેશના પ્રતિનિધિ દ્વારા જાહેર મંચ પરથી કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ ગણાવતા જ આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનનો ખોટો પ્રોપેગેન્ડા પડી ભાંગ્યો છે.

અમેરિકન રાજદૂત સર્જિયો ગોરના આ નિવેદનથી અકળાયેલા પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ઈસ્લામાબાદ ખાતે તહેનાત અમેરિકન ઉપ-રાજદૂત સામે આકરો વિરોધ નોંધાવ્યો હતો અને તેમને એક વિરોધ પત્ર આપ્યો હતો. પાકિસ્તાની અધિકારીઓએ અમેરિકન દૂતના નિવેદનને સખત શબ્દોમાં ફગાવી દીધું હતું. પાકિસ્તાને દાવો કર્યો હતો કે કાશ્મીર એક આંતરરાષ્ટ્રીય વિવાદિત ક્ષેત્ર છે અને તેનો ઉકેલ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના પ્રસ્તાવ મુજબ થવો જોઈએ.

# કેન્યામાં સફારી હેલિકોપ્ટર ક્રેશ: ઈક્વાડોરના ગુપ્તચર વડા, તેમની પત્ની સહિત સાતના મોત



## દુર્ઘટનામાં અન્ય ૫ અમેરિકન નાગરિકોના પણ થયા મોત

નૈરોબી:

આફ્રિકી દેશ કેન્યાના પ્રખ્યાત સામ્બુરુ કાઉન્ટી વિસ્તારમાં એક સફારી હેલિકોપ્ટર ક્રેશ થયું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ ભયાનક અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર તમામ ૭ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા છે. મૃતકોમાં ઈક્વાડોરની ગુપ્તચર એજન્સીના વડા મિશેલ સેન્સી-કોન્ટુગી, તેમની પત્ની પણ સામેલ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આ સાથે આ દુર્ઘટનામાં અન્ય ૫ અમેરિકન નાગરિકોના પણ મોત થયાં છે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે હેલિકોપ્ટર લોઈસાબા વાઈલ્ડલાઈફ રિઝર્વમાંથી ઉડાન ભરીને પ્રવાસીઓને લઈ જઈ રહ્યું હતું. સવારે આશરે ૯:૧૩ વાગ્યે અચાનક ટેકનિકલ ખામી સર્જાતા હેલિકોપ્ટર નીચે ખાબક્યું હતું અને જમીન સાથે અથડાતા જ તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. ધડાકા સાથે હેલિકોપ્ટરના ટુકડા-ટુકડા થઈ ગયા હતા.

કેન્યા સિવિલ એવિએશન ઓથોરિટી દ્વારા આ દુર્ઘટનાની પુષ્ટિ કરવામાં આવી છે. અકસ્માત સર્જાયો તે વિસ્તાર અત્યંત દુર્ગમ અને પહાડી હોવાને કારણે, તેમજ ખરાબ હવામાન અને અંધારાને લીધે રાહત અને બચાવ કામગીરીમાં ભારે વિલંબ થયો હતો. મીડિયા રિપોર્ટસ્ પ્રમાણે મૃતકોમાં ફ્લોરિડાના સીનિયર મેનેજર જોસ આલ્બર્ટો સુઆરેઝ સહિત પાંચ અમેરિકી સામેલ છે.

સોશિયલ મીડિયા પર શેર કરાયેલી તસવીરોમાં સળગતો મલબો અને ભયાનક દ્રશ્યો જોઈ શકાય છે. ઈક્વાડોરના પરિવહન મંત્રી રોબર્ટો લુકે પોતાના દેશના ગુપ્તચર વડા અને તેમની પત્નીના આકસ્મિક અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. આ સાથે એરક્રાફ્ટ અકસ્માત તપાસ વિભાગ (છછૈંઢ) ના ડાયરેક્ટર ફ્રેડરિક કાબુંગેએ ઘટનાના કારણો જાણવા માટે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. આખરે કેવી રીતે આ હેલિકોપ્ટર ક્રેશ થયું તેની તપાસ શરૂ કરવામાં માટે છછૈંઢ ના ડાયરેક્ટર દ્વારા આદેશ આપી દેવામાં આવ્યો છે.

# ચંદ્ર ઉપર બરફના સ્વરૂપમાં પાણી છે કે નહીં?, તેની શોધ કરશે ચીન

## ૨૪ ઓગસ્ટના રોજ ચીનનું ચંદ્ર મિશન ચાંગ-ઈ-૭ લોન્ચ થશે

બૈજિંગ,

ચીન ૨૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ પોતાના નવા ચંદ્ર મિશન ચાંગ-ઈ-૭ લોન્ચ કરવાની તૈયારીમાં છે. આ મિશનમાં ચીન ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર જશે. અહીં વૈજ્ઞાનિક પાણીના બરફીલા સ્વ:પ અને બીજા પદાર્થોની તલાશ કરશે. મિશનને લોંગ માર્ચ-ફાઈવ રોકેટથી હેનાનના વેનચાંગ સ્પેસ લોન્ચ સાઈટથી મોકલવાની યોજના છે. ચાંગ-ઈ-૭ ચીનના ચંદ્ર અભિયાનના ચોથા તબક્કાનો હિસ્સો છે.

ચાંગ-ઈ-૭માં ઘણા યાન સામેલ છે. તેમા એક ઓર્બિટર, લેન્ડર, રોવર અને એક નાનો મેપિંગ પ્રોબ હશે. આ બધા ભેગા મળીને ચંદ્રના દક્ષિણ ધ્રુવની જુદી-જુદી જગ્યાઓની તપાસ કરશે. અહીં ખાસ વાત એ છે કે હોપિંગ પ્રોબ તે ખાડાઓમાં જવાનો પ્રયત્ન કરશે જ્યાં સૂરજનો પ્રકાશ પહોંચતો નથી. વૈજ્ઞાનિકોને આશા છે કે આ સ્થળોએ પાણી બરફના સ્વરૂપમાં મળી શકે છે.

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઘણા ઊંડા ખાડા છે. તેમા કેટલાક સ્થળો પર સૂરજનો પ્રકાશ ક્યારેય પહોંચતો નથી. તેથી અહીં તાપમાન ઘણું ઓછું હોય છે. આવા ઠંડા સ્થળો પર પાણી બરફના સ્વરૂપમાં ઘણા સમય સુધી જમા રહી શકે છે. ચીન તેથી જ આ વિસ્તારમાં પાણીને શોધવા માંગે છે. આ મિશનમાં ચંદ્રની માટી, સપાટી અને ત્યાંના વાતાવરણ અંગે પણ જાણકારી મેળવશે. વૈજ્ઞાનિક તે સમજવાનો પ્રયત્ન કરશે કે ચંદ્રના આ હિસ્સામાં પાણી અને બીજા પદાર્થ ક્યાં કેટલા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

# મોસ્કોમાં યુક્રેનના ડ્રોન હુમલામાં લોજિસ્ટિક સેન્ટર ખાક

## હુમલામાં ભારતીય વિદ્યાર્થીને સામાન્ય ઈજા, યુક્રેનનાં હુમલાઓને કારણે રશિયન ઓનલાઈન રિટેલની મોટી કંપનીને અબજો ડોલરનું નુકસાન

મોસ્કો,

યુક્રેનનાં ડ્રોન હુમલાઓએ સમગ્ર રાત મોસ્કોની બહાર મોટા લોજિસ્ટિક સેન્ટરને નિશાન બનાવ્યું હતું. સવાર સુધી આ લોજિસ્ટિક સેન્ટરમાં આગ લાગી રહી હતી. રશિયાનાં સૌથી મોટા રિટેલ વેરહાઉસમાંથી એકમાંથી કાળો ધુમાડો નીકળી રહ્યો હતો. યુક્રેન રશિયામાં વધુ ડ્રોન હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે. યુક્રેનિયન સૈનિકોનું એક નાનું જૂથ સૂર્યમુખીનાં ખેતરમાં એકત્ર થયું હતું. તેમણે વિસ્ફોટકો ભરેલા ૨૦ નાના વિમાન જેવા ડ્રોન એકત્ર કર્યા હતાં અને પછી તેને રશિયા તરફ છોડયા હતાં.

યુક્રેને લાંબા અંતરનાં ડ્રોન તૈયાર કર્યા છે જે રશિયાનાં અંતરિયાળ વિસ્તારો



સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. આ ડ્રોન રશિયાનાં મિલિટ્રી, ઈન્ડસ્ટ્રિયલ અને લોજિસ્ટિક સાઈટ પર હુમલા કરે છે. કીવને ચાલુ વર્ષે રશિયા પર હુમલાનું પ્રમાણ વધારી દીધું છે. ચાલુ વર્ષે લાંબા અંતરની મિસાઈલ અને ડ્રોનથી રશિયાને નિશાન બનાવી રહ્યું છે. યુક્રેનનાં હુમલાઓને કારણે રશિયન ઓનલાઈન રિટેલની મોટી કંપનીને અબજો ડોલરનું નુકસાન થયું છે. યુક્રેને દાવો કર્યો છે કે તાજેતરનાં તેના હુમલાઓને કારણે રશિયાનાં એરપોર્ટમાં અવરોધ ઉભો થયો છે અને ત્યાં ઈંધણની અછત ઉત્પન્ન થઈ છે અને રશિયન સૈનિકોનું મનોબળ નબળું પડયું છે.

આ દરમિયાન મોસ્કોમાં ભારતીય એમ્બેસીએ જણાવ્યું છે કે રશિયામાં એક ભારતીય વિદ્યાર્થીને ડ્રોન હુમલામાં સામાન્ય ઈજા થઈ છે અને હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે. ભારતીય નાગરિકની ઓળખ ઉફામાં બશ્કિર સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીનાં સ્ટુડન્ટ તરીકે કરવામાં આવી છે. જો કે ભારતીય મિશને વિદ્યાર્થીનું નામ અને અન્ય વિગતો શેર કરી નથી.

# બંધ પડેલી એરલાઈન્સનો ડેટા ખરીદવા માટે ગૂગલે ૯૫ કરોડની બોલી લગાવી!

## બંધ પડેલી સ્પિરિટ એરલાઈન્સમાં કુલ ૧૦ કરોડ ઈ-મેઈલ અને ૫૦ કરોડ એમએસ ટીમના મેસેજ સાથે અન્ય રેકોર્ડ

વોશિંગ્ટન,

આપણે ત્યાં કહેવત છે જીવતો હાથી લાખનો તો મરેલો હાથી સવા લાખનો. આવુ અમેરિકામાં બન્યું છે. અમેરિકામાં એક એરલાઈન્સને તાળા વાગી ગયા. કંપનીએ દેવાળું ફૂંક્યુ અને તે હરાજીમાં ગઈ. હવે આ બંધ પડેલી કંપનીના ઈન્ટર્નલ ડેટાની કિંમત ગૂગલ એઆઈએ ૯૫.૭૫ કરોડ રૂપિયા લગાવી છે. ગૂગલે અહીં કંપનીનો કારોબાર કે તેના પ્રવાસીઓની જાણકારી નહીં પરંતુ કંપનીની અંદર ઉપયોગમાં લેવાયેલા ડેટા એટલે કે ઈન્ટરર્નલ ડેટાની બોલી લગાવી છે.

આ આખો કિસ્સો અમેરિકાની સ્પિરિટેડ એરલાઈન્સનો છે. કંપનીએ દેવાળું ફૂક્યું છે અને તેની હરાજી ચાલી રહી છે ત્યારે ગૂગલે તેના ઈન્ટર્નલ ડેટા જેવા કર્મચારીઓના ઈ-મેઈલ,




માઈક્રોસોફ્ટ ટીમ્સની ચેટ, કેલેન્ડર, ડોક્યુમેન્ટ્સ, સ્પ્રેડશીટ, મીટિંગ્સ રેકોર્ડ અને કારોબાર સાથે જોડાયેલા બીજા રેકોર્ડ્સની બોલી લગાવી છે. આ પ્રકારનો ડેટા સામાન્ય રીતે ખાનગી હોય છે અને કોઈપણ કંપની ઈચ્છતી નથી તેનો ઉપયોગ કરવામાં આવે, પરંતુ હવે સમય બદલાઈ ચૂક્યો છે. અહેવાલ મુજબ આ ડેટામાં લગભગ ૧૦ કરોડ ઈ-મેઈલ્સ અને માઈક્રોસોફ્ટ ટીમ્સના ૫૦ કરોડ મેસેજ છે. આ ઉપરાંત કંપનીની કામ કરવાની પદ્ધતિ, સોફ્ટવેર અને બીજા આંતરિક રેકોર્ડ પણ આ પેકેજનો હિસ્સો છે.ગૂગલ આ ડેટાનો ઉપયોગ તેના એઆઈ મોડેલને વધુ સારો બનાવવા માટે કરવા માંગે છે. એઆઈ હવે ઈન્ટરનેટ પર ઉપલબ્ધ આર્ટિકલ્સ, ફોટો અને પુસ્તકોના વાંચન પૂરતુ જ મર્યાદિત નથી. તાજેતરમાં એવા સમાચાર આવ્યા છે કે એમેઝોન અને બીજી કંપનીઓ કરોડો પુસ્તકોને સ્કેન કરીને એઆઈને તાલીમ આપી રહી છે. મોટી ટેક કંપનીઓને એવા ડેટાની જરૂરત છે જેથી એઆઈ તે સમજી શકે કે અસલી કંપનીઓમાં કામ કઈ રીતે થાય છે. જો કે અહી ગૂગલે એરલાઈન્સના કર્મચારીઓના સંગઠનના વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. તેના પગલે કોર્ટે સુનાવણી ૯ સપ્ટેમ્બર સુધી ટાળી દીધી છે. ગૂગલનો આ સંભવિત સોદો બદલાતા જતા વિશ્વની ઝાંખી કરાવે છે.

CMYK

# બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસ લોનની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૬ લાખથી વધારી રૂ. ૧૦ લાખ કરાઈ

## મધ્યમ વર્ગ માટે મોટી રાહત : હવે બિન અનામત વર્ગના વધુ વિદ્યાર્થીઓ મેળવી શકશે 'વિદેશ અભ્યાસ લોન યોજના'નો લાભ

ગાંધીનગર,

વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની ઈચ્છા ધરાવતા ગુજરાતના બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે મહત્વનો અને વિદ્યાર્થીલક્ષી નિર્ણય લીધો છે. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ અમલમાં રહેલી 'વિદેશ અભ્યાસ લોન યોજના'માં પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા રૂ. ૬ લાખથી વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવી છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા તથા રાજ્ય મંત્રી ડૉ. મનીષાબેન વકીલના નેતૃત્વ હેઠળ વિભાગ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી અગાઉ આવક મર્યાદાને કારણે યોજનાનો લાભ મેળવી શકતા ન હોય, તેવા અનેક વિદ્યાર્થીઓ હવે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન સહાય મેળવવા પાત્ર બની શકશે.

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે અભ્યાસની ફી, રહેવા-જમવા સહિતના વિવિધ ખર્ચને પહોંચી વળવા શૈક્ષણિક લોન મહત્વપૂર્ણ સહારો બની શકે છે. અત્યાર સુધી 'વિદેશ અભ્યાસ લોન યોજના'માં લાભ મેળવવા માટે વિદ્યાર્થીના પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા રૂ. ૬ લાખ હતી. હવે રાજ્ય સરકારે આ આવક મર્યાદામાં રૂ. ૪ લાખનો વધારો કરીને તેને રૂ. ૧૦ લાખ કરી છે એટલે કે, હવે રૂ. ૧૦ લાખ સુધીની વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતા બિન અનામત વર્ગના પાત્ર વિદ્યાર્થીઓ પણ આ યોજનાનો લાભ મેળવી શકશે.

આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આર્થિક રીતે મધ્યમ આવક ધરાવતા પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓ માત્ર આવક મર્યાદાના કારણે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાની તકથી વંચિત ન રહે.

વિદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાથી વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની શિક્ષણ પદ્ધતિ, આધુનિક ટેક્નોલોજી, સંશોધન અને આંતરરાષ્ટ્રીય અનુભવ મેળવવાની તક મળે છે. આવા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પોતાની કારકિર્દીને નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે અને શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ગુજરાત તથા દેશના વિકાસમાં પણ યોગદાન આપી શકે છે.

આથી, આવક મર્યાદામાં કરાયેલો આ વધારો 'વધુ વિદ્યાર્થીઓને તક અને વધુ યુવાનોને વૈશ્વિક શિક્ષણ' તરફનું મહત્વપૂર્ણ પગલું બની શકે છે.

# યુવાનો માત્ર ભવિષ્ય નથી, પણ દેશનો મજબૂત વર્તમાન અને સૌથી મોટી શક્તિ : હર્ષ સંઘવી

## ગાંધીનગર ખાતે 'બ્રિક્સ યુથ સમિટ'નો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં પ્રારંભ



ગાંધીનગર ,

ગાંધીનગર ખાતે આયોજિત "બ્રિક્સ યુથ સમિટ અને બ્રિક્સ યુથ કાઉન્સિલ"ના શુભારંભ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિશ્વભરમાંથી આવેલા યુવા પ્રતિનિધિઓને ગુજરાતમાં આવકારો આપી પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, યુવાનો માત્ર રાષ્ટ્રનું ભવિષ્ય જ નથી, પરંતુ દેશનો મજબૂત વર્તમાન અને સૌથી મોટી શક્તિ છે.

સમારોહને સંબોધતા શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, બ્રિક્સ રાષ્ટ્રો વિશ્વની કુલ વસ્તીના ૪૯.૫ ટકા અને વૈશ્વિક જીડીપીમાં અંદાજે ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. આ દેશોની અડધાથી વધુ વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યુવા શક્તિને રાષ્ટ્ર શક્તિમાં બદલવા માટે શરૂ કરેલા અભિયાનનું કેન્દ્ર ગુજરાત છે. ગુજરાતની વિકાસયાત્રાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ગુજરાતે ચરખાથી લઈને ગિફ્ટ સિટી અને સેમિકન્ડક્ટરથી લઈને સ્પેસ ટેક્નોલોજી સુધીની અભૂતપૂર્વ સફર ખેડી છે. ટેક્નોલોજી આધારિત વિકાસ વચ્ચે પણ ગુજરાત પોતાની વિરાસતને ભૂલ્યા વગર આકાશ આંબી રહ્યું છે.શ્રી સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાત સરકારે યુવા સાહસિકો માટે 'ગુજરાત જીૈ પોલિસી ૨૦૨૬-૩૧' લોન્ચ કરી છે, જે અંતર્ગત રૂ. ૧,૦૦૦ કરોડનું ઈનોવેશન ફંડ ફાળવવામાં આવ્યું છે.

# ગુજરાત રાજ્યમાં આગામી ૭ દિવસ સામાન્ય વરસાદની આગાહી

અમદાવાદ,

ગુજરાતના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી માહોલ છે. હવામાન વિભાગની લેટેસ્ટ આગાહી અનુસાર, હાલ ડિપ્રેશન, મોન્સૂન ટ્રફ અને સાયક્લોનિક સર્ક્યુલેશન જેવી વિવિધ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી ગુજરાતમાં આગામી ૭ દિવસ સુધી સામાન્ય વરસાદ પડવાની સંભાવના છે. ચાલુ ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં સરેરાશ ૬૮૦.૧૮ મિ.મી. વરસાદ નોંધાયો છે, જેના પરિણામે રાજ્યમાં સામાન્ય કરતા હજુ પણ ૨% વરસાદની ઘટ પ્રવર્તી રહી છે. જો કે, ચિંતાનો વિષય એ છે કે સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં વરસાદની ખેંચ હજુ પણ યથાવત છે, જ્યાં નોંધપાત્ર ૨૬% વરસાદની મોટી ઘટ નોંધાઈ છે.

અમદાવાદ હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગુજરાત રાજ્યની આસપાસ કેટલીક સિસ્ટમો સક્રિય છે જેના લીધે આગામી ૭ દિવસ માટે વરસાદની સંભાવના રહેશે. આ સિસ્ટમોમાં એક ડિપ્રેશન છે, જે અત્યારે પણ ઉત્તર ઝારખંડમાં બનેલું છે અને બીજું એક મોન્સૂન ટ્રફ છે જે ફિરોઝપુર તથા કરનાલ થઈને આ ડિપ્રેશન તરફ જઈ રહ્યું છે.

ત્રીજી એક ટ્રફ રેખા મધ્ય પ્રદેશથી દક્ષિણ ગુજરાત તરફ પસાર થઈ રહી છે અને ચોથી સિસ્ટમ તરીકે રાજસ્થાનમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે. આ તમામ સક્રિય સિસ્ટમોને પગલે રાજ્યમાં આગામી ૭ દિવસ હળવા વરસાદની આગાહી છે.

રાજ્યમાં વર્તમાન ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૬૮૦.૧૮ મિમી એટલે કે સરેરાશ ૭૪.૮૪% વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

# વન્યજીવોની પજવણી, ગેરકાયદે પ્રવેશ અને લાકડાની હેરફેર સામે ૭૫ ગુના નોંધી કુલ રૂ.૧૩ લાખથી વધુનો દંડ વસૂલાયો

## વન્યજીવ સંરક્ષણ ધારાનો ભંગ કરનારો અસામાજિક તત્વો સામે વન વિભાગની લાલ આંખ

અમદાવાદ,

એશિયાટિક સિંહોના સંરક્ષણ અને વન સંપત્તિના જતન માટે કટિબદ્ધ વન વિભાગ દ્વારા અસામાજિક તત્વો અને વન્યજીવ સંરક્ષણ ધારાનો ભંગ કરનારાઓ સામે કડક કાનૂની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડીયાની સૂચનાથી ગીર પૂર્વ વન વિભાગ દ્વારા છેલ્લા ૦૪ માસ દરમિયાન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ૭૫ ગુના નોંધી કુલ રૂ.૧૩.૩૦ લાખથી વધુનો દંડ વસૂલાયો છે.

આ ઉપરાંત, વન વિભાગ દ્વારા અભયારણ્ય વિસ્તારમાં અનધિકૃત રીતે પ્રવેશ કરનારાઓ સામે ૩૮ ગુનાઓ નોંધી નિયમ અનુસાર કાર્યવાહી કરી અંદાજે રૂ.૭,૭૬,૪૦૦/- નો દંડ ફટકારવામાં આવ્યો છે. જેમાં વન્ય પ્રાણીઓના શિકારને લગતા ૦૮ ગુનાઓ નોંધાયા છે. જે પૈકી ૦૪ કેસમાં અદાલતી કાર્યવાહી હાલ ચાલુ છે. જ્યારે અન્ય ૦૪ કેસમાં દંડાત્મક કાર્યવાહી કરીને રૂ. ૨,૨૦,૦૦૦નો દંડ વસૂલ કરાયો છે.

વન વિભાગની માન્ય પરવાનગી કે ટ્રાન્ઝિટ પાસ વગર લાકડાની હેરફેર કરતા ગુનેગારો સામે ૧૬ ગુનાઓ નોંધી રૂ. ૩,૦૩,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. અભયારણ્ય વિસ્તારની પર્યાવરણીય શુદ્ધતા જાળવવા પ્લાસ્ટિક કચરો ફેંકવા તેમજ અનામત વીડીમાં ગેરકાયદેસર પશુ ચરાવવા બદલ ૧૭ ગુનાઓ નોંધી રૂ. ૩૨,૫૦૦નો દંડ વસૂલાયો છે.

ગીર પૂર્વ વન વિભાગ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે સિંહ કે અન્ય કોઈપણ વન્યપ્રાણીઓની પજવણી, ગેરકાયદેસર શિકાર, પ્રતિબંધિત વિસ્તારમાં ઘૂસણખોરી કે વનસંપત્તિની ગેરકાયદે હેરફેર જેવી પ્રવૃત્તિઓ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં અને તેમાં સંડોવાયેલા શખ્સો સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

વન વિભાગ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે જો આપની આસપાસ કોઈપણ વ્યક્તિ વન્ય પ્રાણીની પજવણી, ગેરકાયદે શિકાર, પ્રતિબંધિત વન વિસ્તારમાં અનધિકૃત પ્રવેશ કે લાકડાની ચોરી જેવી ગેરકાયદે પ્રવૃત્તિ કરતી જણાય, તો તેની તાત્કાલિક જાણ નજીકની વન વિભાગની કચેરી અથવા સ્ટાફને કરવાની રહેશે.

# GSRTCએ દૈનિક મુસાફર પાસ યોજનામાં ભાડા રાહત વધારી ૫૦ ટકા સુધી કરી

## માસિક પાસમાં ૧૮ દિવસને બદલે માત્ર ૧૫ દિવસના ભાડામાં ૩૦ દિવસ મુસાફરી કરી શકાશે



અમદાવાદ,

રાજ્યમાં એસ.ટી. બસમાં રોજિંદા અપડાઉન કરતા લાખો નોકરિયાતો, વેપારીઓ અને ધંધાર્થી વર્ગના આર્થિક હિતને ધ્યાને રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા 'દૈનિક મુસાફર પાસ યોજના'ના નિયમોમાં લોકહિતલક્ષી સુધારો કરવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં દૈનિક મુસાફર પાસ યોજનામાં ભાડા રાહત વધારી ૫૦ ટકા સુધી કરવામાં આવી છે.

મુસાફરોના હિતમાં નિગમે પાસ યોજનાના માળખામાં ફેરફાર કર્યો છે, જેનાથી મુસાફરોને ભાડામાં ૫૦ ટકા સુધીની સીધી આર્થિક રાહત પ્રાપ્ત થશે.

અગાઉ માસિક પાસ માટે મુસાફરે ૧૮ દિવસનું ભાડું ચૂકવવું પડતું હતું, જેને ઘટાડીને હવે માત્ર ૧૫ દિવસનું ભાડું કરવામાં આવ્યું છે. એટલે કે માત્ર ૧૫ દિવસના ભાડામાં પૂરા ૩૦ દિવસ મુસાફરી કરી શકાશે.

ત્રિમાસિક પાસ ધારકો માટે અગાઉ ૫૪ દિવસનું ભાડું લેવાતું હતું, જેના સ્થાને હવે માત્ર ૪૫ દિવસનું ભાડું ચૂકવીને સતત ૯૦ દિવસ સુધી મુસાફરીનો લાભ મેળવી શકાશે.

# ભરૂચમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના બે અધિકારી ૪૦ હજારની લાંચ લેતા ઝડપાયા

**દવાના નવા હોલસેલ લાઈસન્સની પ્રક્રિયા માટે લાંચની માંગણી કરી હતી**




ભરૂચ,

ભરૂચમાં એન્ટી કરપ્શન બ્યુરોએ મોટી કાર્યવાહી કરીને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના બે અધિકારીઓને ૪૦ હજારની લાંચ લેતા ઝડપી પાડ્યા છે. દવાના નવા હોલસેલ લાઈસન્સની પ્રક્રિયા માટે લાંચની માંગણી કરવામાં આવી હોવાની ફરિયાદ મળ્યા બાદ નર્મદા એસીબી પોલીસ સ્ટેશન ટ્રેપ ગોઠવી હતી. ફરિયાદીએ ભરૂચના ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરીમાં દવાના નવા હોલસેલ પરવાના માટે અરજી કરી હતી. આ પરવાના આપવાની પ્રક્રિયા અંગે ડ્રગ્સ ઈન્સ્પેક્ટર સુરભીબેને ફરિયાદીને જણાવ્યું હતું કે લાઈસન્સની પ્રક્રિયા થઈ જશે, પરંતુ સાહેબને આપવા માટે ૫૦ હજાર આપવા પડશે. લાંચ આપવાની ઈચ્છા ન હોવાથી ફરિયાદીએ નર્મદા એસીબી પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે એસીબીએ લાંચનું છટકું ગોઠવ્યું હતું.

ટ્રેપ દરમિયાન આરોપી પ્રકાશભાઈ નાનકરામ પોસનાની અને આરોપી સુરભીબેન મોહનલાલ દેસાઈએ ફરિયાદી પાસેથી ૪૦,૦૦૦ની લાંચ સ્વીકારી હતી. લાંચની સમગ્ર રકમ એસીબી દ્વારા રિકવર કરવામાં આવી હતી.

# જલાલપુરમાં આસારામ આશ્રમનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવ્યું



નવસારી

નવસારીના જલાલપુરમાં ઓંજલ દરિયાકિનારે આવેલા આસારામ આશ્રમનું ગેરકાયદેસર બાંધકામ બુલડોઝરની મદદથી તોડી પાડવામાં આવ્યું છે. આ જમીન પર આજ થી
તેર વર્ષ પહેલાં પણ આસારામ આશ્રમનું દબાણ હતું. હાથ ધરાયેલા મેગા ઓપરેશન હેઠળ મહેસૂલ અને પોલીસ વિભાગ દ્વારા ૬,૦૦૦ ચોરસ મીટર સરકારી ખારપાટી જમીન મુક્ત કરવામાં આવી હતી. જિલ્લા પ્રશાસનને મળેલી ચોક્કસ માહિતીના આધારે આ સમગ્ર ગેરકાયદેસર બાંધકામને તોડી પાડવા માટે ચોક્કસ પણે પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.

આ મેગા ડીમોલેશન માં વર્ષ ૨૦૧૩ બાદ ફરી ઊભા કરાયેલા પેવર બ્લોક અને ફ્લોરિંગ, તાર ફેન્સિંગ, હવન કુંડ અને ઓટા, મોટો પતરાનો શેડ વગેરે જેસીબી દ્વારા નાશ કરવામાં આવ્યો હતો.

જિલ્લા વહીવટી તંત્રના ટોળાએ ઘટનાસ્થળે પહોંચી ભારે જેસીબી મશીન દ્વારા ગેરકાયદેસર બાંધકામ તોડી પાડ્યું હતું.

આ નવસારીના જલાલપોરમાં ઓંજલ દરિયાકિનારે કરવામાં આવેલી સૌથી મોટી કાર્યવાહી છે. જીલ્લા વહીવટી તંત્રએ સ્પષ્ટ આદેશ આપ્યો છે કે સરકારી જમીન પર દબાણ કરનારાઓ સામે સખત કાર્યવાહી કરવામાં આવશે.

# વડોદરાની ખાનગી યુનિવર્સિટીની હોસ્ટેલમાં અપાતા ભોજન સામે વિદ્યાર્થીઓનો વિરોધ

## હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની ગુણવત્તાને લઈને વિવાદ : એનએસયુઆઈએ તપાસ કમિટીની માગ કરી

વડોદરા,

વડોદરાની એક પ્રતિષ્ઠિત ખાનગી યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની ગુણવત્તાને લઈને વિવાદ ઉભો થયો છે. હોસ્ટેલની મેસમાં મળતું ભોજન નબળી ગુણવત્તાનું અને ખાવા યોગ્ય ન હોવાના આક્ષેપો સાથે વિદ્યાર્થીઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, યુનિવર્સિટીની હોસ્ટેલ મેસમાં આપવામાં આવતા ભોજનની ગુણવત્તા અંગે છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓમાં નારાજગી છે. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે તેમને આપવામાં આવતું ભોજન ગુણવત્તાયુક્ત ન હોવાને કારણે તેઓ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ મુદ્દે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વહીવટી તંત્ર સમક્ષ પોતાની ફરિયાદ રજૂ કરી હતી. જોકે, વિદ્યાર્થીઓના જણાવ્યા પ્રમાણે તેમની સમસ્યાનો યોગ્ય ઉકેલ ન આવતા વિરોધનો માર્ગ અપનાવવામાં આવ્યો હતો.

ભોજનની ગુણવત્તા અંગે વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસમાં રેલી યોજીને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં તેમને મળતી સુવિધાઓ અને ખાસ કરીને ભોજન તથા પાણીની ગુણવત્તા અંગે સવાલો ઉઠાવ્યા હતા. વિદ્યાર્થીઓની માગ હતી કે તેમની ફરિયાદને ગંભીરતાથી લેવામાં આવે અને મેસમાં આપવામાં આવતા ભોજનની ગુણવત્તા અંગે યોગ્ય તપાસ કરવામાં આવે.

વિદ્યાર્થીઓના મુદ્દાને લઈને નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયાના કાર્યકરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. કાર્યકરોએ વડોદરા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને સમગ્ર મામલે રજૂઆત કરી હતી. આવેદનપત્ર મારફતે વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં મળતા ભોજન અને પાણીની ગુણવત્તા અંગે તપાસ કરવાની માગ કરવામાં આવી છે.

# અમદાવાદમાં શાકભાજીના ભાવમાં ભડકો : વરસાદી અસરથી આવક ઘટતા છૂટક બજારમાં ભાવ વધ્યા

## શાકભાજીના ભાવ વધતાં ગૃહિણીઓ માટે રસોડાનું બજેટ સંભાળવું મુશ્કેલ બન્યું



અમદાવાદ,

અમદાવાદમાં વરસાદી માહોલ વચ્ચે શાકભાજીના ભાવમાં ફરી એકવાર વધારો થતાં ગૃહિણીઓનું ઘરખર્ચનું બજેટ ખોરવાયું છે. શહેરનાં વિવિધ શાકમાર્કેટ અને છૂટક બજારોમાં અનેક શાકભાજીના ભાવમાં છેલ્લા કેટલાક દિવસની સરખામણીએ ઉછાળો નોંધાયો છે. ખાસ કરીને રીંગણનો ભાવ રૂ.૧૨૦ પ્રતિ કિલો સુધી પહોંચતાં ગ્રાહકોને મોટો ઝટકો લાગ્યો છે. વરસાદને કારણે આસપાસના વિસ્તારોમાંથી શાકભાજીની આવક અને ગુણવત્તા બંને પર અસર પડી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. ખેતરોમાં પાણી ભરાવા, પરિવહનમાં મુશ્કેલી અને આવકમાં ઘટાડાની અસર સીધી છૂટક બજારના ભાવ પર પડી રહી છે. પરિણામે રસોડામાં વપરાતાં શાક ખરીદવા માટે પણ ગ્રાહકોને વધુ રૂપિયા ચૂકવવા પડી રહ્યા છે.

શાકભાજીના ભાવ વધતાં ગૃહિણીઓ માટે રસોડાનું બજેટ સંભાળવું મુશ્કેલ બની રહ્યું છે. એક તરફ દાળ, તેલ અને અન્ય કરિયાણાની વસ્તુઓના ખર્ચ વચ્ચે હવે શાકભાજીના વધેલા ભાવનો વધારાનો બોજ આવ્યો છે. પરિણામે અનેક પરિવારો મોંઘાં શાકની જગ્યાએ સસ્તા વિકલ્પો તરફ વળી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ અમદાવાદમાં શાકભાજીની આવક મુખ્યત્વે આસપાસના ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત અન્ય જિલ્લામાંથી થાય છે.

# CIDSCON 2026 ગાંધીનગરમાં ચેપી રોગોનાં અગ્રણી નિષ્ણાતોને એક મંચ પર લાવશે

## આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનશેરિયા ૨૨ ઓગષ્ટનાં રોજ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે

ગાંધીનગર

ક્લિનિકલ ઈન્ફેક્શિયસ ડિસીઝિસ સોસાયટી (Clinical Infectious Diseases Sociᵃy)ની ૧૬મી વાર્ષિક પરિષદ CIDSCON 2026નું આયોજન ૨૦થી ૨૩ ઓગસ્ટ દરમિયાન ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે કરવામાં આવશે. આરોગ્યમંત્રીશ્રી પ્રફુલ પાનશેરિયા કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ અને એન્ટિમાઈક્રોબિયલ સ્ટુઅર્ડશીપ પર નિષ્ણાંતો દ્વારા લખાયેલા પુસ્તકનું વિમોચન પણ કરશે.

આ પરિષદમાં ભારત તથા વિદેશમાંથી ચેપી રોગોના અગ્રણી નિષ્ણાતો, તબીબો, સંશોધકો, માઈક્રોબાયોલોજિસ્ટો અને આરોગ્ય ક્ષેત્રના વ્યવસાયિકો એકત્રિત થશે.

ચાર દિવસીય આ પરિષદ વૈજ્ઞાનિક જ્ઞાનના આદાન-પ્રદાન, ઉભરતા પડકારો પર ચર્ચા તથા ચેપી રોગોના નિદાન, નિવારણ અને સારવાર ક્ષેત્રે થયેલી પ્રગતિની વહેંચણી માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડશે. પરિષદમાં ભારત સાથે સંબંધિત વિશિષ્ટ મુદ્દાઓ પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કાર્યક્રમમાં દેશના જાણીતા નિષ્ણાતો ઉપરાંત અમેરિકા અને સિંગાપોર સહિતના દેશોના આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી પણ ભાગ લેશે.

પરિષદની શરૂઆત ૨૦ ઓગસ્ટે ચેપી રોગોની તબીબી પ્રેક્ટિસના વિવિધ પાસાઓને આવરી લેતા વિશેષ વર્કશોપની શ્રેણી સાથે થશે. આ વર્કશોપમાં નિષ્ણાતોના સત્રો, કેસ આધારિત ચર્ચાઓ અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે.

પરિષદના મુખ્ય ઉભરતા વિષયોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો પણ સમાવેશ થાય છે. AIને સમર્પિત વર્કશોપમાં હાલના છૈં પરિદૃશ્ય, લાર્જ લેંગ્વેજ મોડલ્સથી આગળ તેના વિવિધ ઉપયોગો, ચેપી રોગોની તબીબી પ્રેક્ટિસમાં તેના વ્યવહારુ ઉપયોગ અને માનવીય તબીબી નિર્ણય લેવાની પ્રક્રિયાની સરખામણીમાં AIની સંભવિત ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ

## ભારતની વૈશ્વિક જવાબદારી

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ એટલે યુનાઇટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (UNSC) વિશ્વમાં શાંતિ અને સુરક્ષા જાળવવાનું સૌથી મહત્વનું આંતરરાષ્ટ્રીય મંચ છે. દુનિયામાં ક્યાંય યુદ્ધ, સંઘર્ષ, આતંકવાદ, માનવતાવાદી સંકટ કે આંતરરાષ્ટ્રીય સુરક્ષાનો ગંભીર પ્રશ્ન ઊભો થાય ત્યારે સુરક્ષા પરિષદની ભૂમિકા મહત્વપૂર્ણ બની જાય છે. આવી સંસ્થામાં ભારતને ફરી એક વખત અસ્થાયી સભ્ય તરીકે સ્થાન મેળવવાની તક મળી રહી છે. ભારતે ૨૦૨૮-૨૯ના કાર્યકાળ માટે અસ્થાયી બેઠક મેળવવા માટે પોતાની દાવેદારી શરૂ કરી છે. આ માત્ર એક આંતરરાષ્ટ્રીય ચૂંટણી નથી, પરંતુ વિશ્વ સમક્ષ ભારતની વધતી જવાબદારી, રાજદ્વારી ક્ષમતા અને વૈશ્વિક દૃષ્ટિકોણની કસોટી પણ છે.ભારતે ૨૦૨૮-૨૯ના કાર્યકાળ માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની અસ્થાયી બેઠક માટે સત્તાવાર રીતે પોતાનું અભિયાન શરૂ કર્યું છે. આ અભિયાનનો મુખ્ય સંદેશ 'શાંતિ' સાથે જોડાયેલો છે. ભારતનો અભિગમ એવો છે કે વિશ્વની પ્રગતિ માટે શાંતિ, વિશ્વાસ અને સહકાર જરૂરી છે. આજના સમયમાં દુનિયા અનેક પ્રકારના સંઘર્ષોમાંથી પસાર થઈ રહી છે. એક તરફ યુદ્ધો અને સશસ્ત્ર સંઘર્ષો છે, તો બીજી તરફ આતંકવાદ, સાયબર સુરક્ષા, પરમાણુ જોખમ, ખાદ્ય અને ઊર્જા સુરક્ષા જેવા પ્રશ્નો પણ આંતરરાષ્ટ્રીય સમુદાય સામે ઊભા છે. આવી પરિસ્થિતિમાં ભારત પોતાની ઉમેદવારીને માત્ર એક બેઠક મેળવવાની પ્રક્રિયા તરીકે નહીં, પરંતુ વૈશ્વિક શાંતિ અને સહકાર માટેના પોતાના વિચારો રજૂ કરવાની તક તરીકે જોવે છે.ભારત માટે આ ચૂંટણીનું મહત્વ એટલા માટે પણ વધારે છે કે ૨૦૨૮-૨૯ માટે એશિયા-પેસિફિક જૂથને ફાળવવામાં આવેલી એકમાત્ર બેઠક માટે ભારતને તાજિકિસ્તાન સાથે સ્પર્ધા કરવાની છે. સુરક્ષા પરિષદની અસ્થાયી બેઠકો માટે અલગ-અલગ પ્રાદેશિક જૂથોમાંથી ઉમેદવારો પસંદ કરવામાં આવે છે. તેથી એશિયા-પેસિફિક જૂથમાં ભારતે પોતાના માટે વ્યાપક સમર્થન ઊભું કરવું પડશે. ભારતની વિદેશ નીતિ અને વિવિધ દેશો સાથેના સંબંધો અહીં સૌથી મોટું મૂડીરૂપ સાબિત થઈ શકે છે.ભારત સુરક્ષા પરિષદમાં અગાઉ પણ અસ્થાયી સભ્ય તરીકે સેવા આપી ચૂક્યું છે. તાજેતરમાં ૨૦૨૧-૨૨ના કાર્યકાળ દરમિયાન ભારતે સુરક્ષા પરિષદમાં અસ્થાયી સભ્ય તરીકે પોતાની ભૂમિકા ભજવી હતી. તે દરમિયાન ભારતે આતંકવાદ સામેની કાર્યવાહી, દરિયાઇ સુરક્ષા, શાંતિ સ્થાપનાના પ્રયાસો અને બહુપક્ષીય સહકાર જેવા મુદ્દાઓ પર પોતાનો અભિગમ રજૂ કર્યો હતો. ભારતનો લાંબો લોકશાહી અનુભવ અને વિકાસશીલ દેશો સાથેના સંબંધો તેને આંતરરાષ્ટ્રીય મંચ પર અલગ ઓળખ આપે છે.આ ચૂંટણીમાં ભારતની સૌથી મોટી તાકાત તેની વધતી વૈશ્વિક સ્વીકૃતિ છે. ભારત આજે વિશ્વની મોટી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન ધરાવે છે.

# ભાવનગરનું ગૌરવ : અવાણીયા - એક મોડેલ ગામની જીવંત કથા

**વિકાસ એટલે શું? શું ગગનચુંબી ઈમારતો, ધુમાડા ઓકતા કારખાનાઓ અને કરોડોના પ્રોજેક્ટો જ વિકાસ છે? આ પ્રશ્નનો જો સાચો ઉત્તર જાણવો હોય, તો ભાવનગરની ગોદમાં વસેલા એક નાનકડા પણ સોહામણા ગામ અવાણીયાની મુલાકાત લેવી પડે**

**સંસ્થા પરિચય**
સુરેશ ભટ્ટ

ઘોઘા તાલુકાનું અવાણીયા આજે ગુજરાતનું મોડેલ ગામ બની ગયું છે. અહીં વિકાસનો અર્થ છે - લહેરાતા ખેતરો, નિર્મળ જળ, ઘટાદાર વનરાજી અને સંતોષી, સરળ, સુખી જીવનશૈલી. લોકોના ચહેરા પરની નિર્મળ ખુશી જ અહીંના વિકાસનું સાચું પ્રમાણપત્ર છે.

'જળ એ જ જીવન' નો મંત્ર તો સૌ ગાય છે, પણ અવાણીયામાં આ મંત્ર સાકાર થયો છે. જળની સાથે લીલીછમ વનરાજી અને કણસલાથી ઝૂમતા ખેતરો આ ગામની મુલાકાતે આવનારના હૃદયને અનેરો આનંદ આપે છે.

આ સફળતાની કથા કહે છે ગામના સરપંચ શ્રી રાજદીપસિંહ વાસુદેવસિંહ ગોહિલ, તેમના જ શબ્દોમાં...

અતીતના ઓછાયા અને વર્તમાનનો ઉજાસ : સરપંચની નજરે અવાણીયા.

થોડા વર્ષો પહેલાં અવાણીયા અનેક પડકારોથી ઘેરાયેલું હતું. પીવાના પાણીની તીવ્ર અછત હતી. વરસાદી પાણી વહી જવાથી ભૂગર્ભ જળનું સ્તર સતત ઘટી રહ્યું હતું. ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળતું ન હોવાથી ખેતી માત્ર મેઘરાજા પર નિર્ભર હતી અને ઘણા ખેડૂતો વર્ષમાં માંડ એક જ પાક લઈ શકતા હતા. ગામમાં જાહેર શૌચાલયોના અભાવે ખુલ્લામાં શૌચની કુપ્રથા પ્રવર્તતી હતી. વૃદ્ધોની સંખ્યા ઓછી હતી અને શાળામાં શૈક્ષણિક સુવિધાઓનો અભાવ વર્તાતો હતો.ત્યારે નવી આશા અને ઉમંગ સાથે વિકાસનું સપનું લઈને વી.આર.ટી.આઈ. સંસ્થાનું આગમન થયું. સંસ્થાના માર્ગદર્શન અને સહયોગથી ગામમાં સર્વાંગી વિકાસના અનેક કાર્યો હાથ ધરાયા. ગામમાં ચેકડેમનું નિર્માણ, વરસાદી પાણીના સંગ્રહ માટે ટાંકા, ખેતીના રક્ષણ માટે સોલાર ઝટકા મશીન, શાળામાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સપોર્ટ ટીચરની નિમણૂક, બાળકો માટે રમત-ગમતના સાધનો અને બાલા પેઈન્ટિંગ જેવી અનેક પ્રવૃત્તિઓનું માર્ગદર્શન મળ્યું અને પરિસ્થિતિ અનુસાર સમયાંતરે વી.આર.ટી.આઈ. દ્વારા તેનો અમલ કરવામાં આવ્યો.

જળ સંરક્ષણના કાર્યોનો સીધો લાભ ખેતીને થયો. પાણીના TDS માં સુધારો થયો અને ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવ્યા. સંસ્થા દ્વારા કરવામાં આવતા તળાવોના ઊંડાણના કાર્યોથી ગામના ખેડૂતોને ખૂબ જ મોટો ફાયદો થયો છે.પર્યાવરણના જતન માટે સંસ્થા દ્વારા સઘન વનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી. ગામમાં વિવિધ સ્થળોએ અને ફાળવેલ વિસ્તારમાં કુલ ૧૦,૦૦૦ કરતાં પણ વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. તેના પરિણામે ગામમાં હરિયાળી વધી છે, પર્યાવરણનું સંરક્ષણ થયું છે અને સ્વચ્છ તથા સુંદર વાતાવરણનું નિર્માણ થયું છે.

શિક્ષણ ક્ષેત્રે પણ વી.આર.ટી.આઈ.નું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ મળી રહે તે માટે સ્માર્ટ ક્લાસ, સ્માર્ટ બોર્ડ, બાલા પેઈન્ટિંગ, લાઈબ્રેરી જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. શાળાના વાતાવરણને વધુ આકર્ષક અને જ્ઞાનપ્રદ બનાવવા બાલા પેઈન્ટિંગ કરવામાં આવ્યું છે અને જ્ઞાન તેમજ વાંચનની ટેવ કેળવાય તે માટે પુસ્તકાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

સરપંચશ્રી રાજદીપસિંહ ગોહિલના શબ્દોમાં કહીએ તો, વી.આર.ટી.આઈ.ની કામગીરી પહેલા ગામ અનેક પડકારોનો સામનો કરી રહ્યું હતું, પરંતુ સંસ્થાના સતત પ્રયત્નો અને ગ્રામજનોના સહકારથી આજે ગામમાં પાણી, ખેતી, શિક્ષણ, પર્યાવરણ અને સ્વચ્છતા ક્ષેત્રે નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. વી.આર.ટી.આઈ.ના પ્રયાસોથી ગામ વધુ સુવિધાસભર અને પ્રગતિશીલ બન્યું છે.

સર્વાંગી વિકાસનો સંકલ્પ પૂજ્ય કાંતિ સેન કાકાએ કર્યો અને શરૂ થઈ એક વિચારથી પ્રેરિત એક યાત્રા.

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના અવાણીયા ગામને મોડલ ગામ તરીકે વિકસાવવાના ઉમદા હેતુથી, પૂજ્ય ક્રાંતિસેન શ્રોફ 'કાકા'ના ગ્રામ વિકાસના વિચારોને સાકાર કરવા માટે વી.આર.ટી.આઈ. સંસ્થાએ એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડના આર્થિક સહયોગથી છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સર્વાંગી વિકાસની અનેક પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક અમલમાં મૂકી છે.

આ પહેલનો મુખ્ય હેતુ ગામડાંમાંથી થતા સ્થળાંતરને અટકાવવું, ગામને સ્વાવલંબી અને આત્મનિર્ભર બનાવવું, સ્થાનિક સ્તરે રોજગારીનું સર્જન કરવું તથા ગ્રામજનોની સુખાકારી અને જીવનધોરણને ઉન્નત બનાવવાનો રહ્યો છે.

**૧. જળ સંરક્ષણ અને કુદરતી સંસાધન વિકાસ**

પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળના પુનઃભરણ માટે ગામમાં ચેકડેમ, તળાવો, વરસાદી પાણીના સંગ્રહ માટે ટાંકા તેમજ ખેતર ફરતે પાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કામગીરીના પરિણામે ગામમાં ભૂગર્ભ જળસ્તર અને પાણીની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે, જેના કારણે ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી ઉપલબ્ધ બન્યું છે.

**૨. પર્યાવરણનું સંવર્ધન**

પર્યાવરણને સમૃદ્ધ બનાવવા માટે આશરે ૫૦ વીઘા વિસ્તારમાં માસ પ્લાન્ટેશન અને મિયાવાકી વનનું નિર્માણ કરવામાં આવ્યું છે. ઉપરાંત ટ્રી ગાર્ડ, બાયોમાસ ચુલ્લાનું વિતરણ, બાગાયતી છોડનું વાવેતર, જાહેર સ્થળોએ વૃક્ષારોપણ તથા ઘરે-ઘરે ફળાઉ અને બાગાયતી છોડનું વિતરણ કરવામાં આવ્યું છે. શાળા અને ગ્રામ્ય સ્તરે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો યોજી લોકોમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવામાં આવી છે.

**૩. કૃષિ અને પશુપાલન ક્ષેત્રે ક્રાંતિ**

ખેડૂતો અને પશુપાલકોની આવકમાં વધારો થાય તે માટે તાલીમ, નિદર્શન, કૃષિ કિટ અને બિયારણ વિતરણ, વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ, એક્સપોઝર વિઝિટ, ખેડૂત મીટિંગ અને માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પરિણામે કૃષિ ઉત્પાદન અને ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.

**૪. શિક્ષણમાં ગુણવત્તાનો ઉજાસ**

ગામની શાળાઓમાં મ્છન્છ, સ્માર્ટ બોર્ડ, શિક્ષક તાલીમ, શિક્ષણ સંવેદનશીલતા કાર્યક્રમો, વૈજ્ઞાનિક પ્રયોગશાળા, સપોર્ટ ટીચર, યુથ ડેવલપમેન્ટ કાર્યક્રમ, નીઢહિહષ્ઠ ઢીક્ષ્ઠૈષ્ઠરં સોફ્ટવેર તેમજ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ગણિત અને વિજ્ઞાનના વિશેષ શિક્ષકોની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત વાંચન સામગ્રી અને લાઇબ્રેરીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રયાસોના પરિણામે

**વિકાસની સાચી વ્યાખ્યા જ્યાં જીવંત થઈ છે**

વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામોમાં નોંધપાત્ર સુધારો થયો છે અને ગામના અનેક યુવાનોને સરકારી નોકરી મેળવવામાં પણ સફળતા મળી છે.

**૫. આરોગ્ય અને સ્વચ્છતાનો સંગમ**

હેલ્થ અને હાઈજિન ક્ષેત્રે શાળા તેમજ ગ્રામ્ય સ્તરે જાગૃતિ કાર્યક્રમો, વ્યક્તિગત સ્વચ્છતા અંગે તાલીમ, કિચન ગાર્ડન, ઘરે-ઘરે ફળાઉ વૃક્ષોનું વિતરણ, મેડિકલ કેમ્પ, રમતગમત કિટ, વિદ્યાર્થીઓના હિમોગ્લોબિન ટેસ્ટ, મેરેથોન દોડ તેમજ આરોગ્ય કેન્દ્રને જરૂરી સહાય જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. પરિણામે ગ્રામજનોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધી છે અને આરોગ્યની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે.

**૬. કૌશલ્ય વિકાસ અને નારી શક્તિનું ઉત્થાન**

ગામની બહેનો અને યુવાનોને આત્મનિર્ભર બનાવવા માટે સીવણ, બ્યુટી પાર્લર, રાખડી બનાવટ, મૂર્તિ બનાવટ, જ્વેલરી બનાવટ, વેલ્ડિંગ, ઈલેક્ટ્રિકલ સહિત વિવિધ રોજગારલક્ષી કૌશલ્ય તાલીમો આપવામાં આવી છે. જેના કારણે મહિલાઓ અને યુવાનો માટે સ્વરોજગારીની નવી તકો ઉભી થઈ છે.

**૭. રોજગાર અને ઉદ્યોગસાહસિકતાનો નવો માર્ગ**

સ્થાનિક લોકોની આવડત અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આદર્શ પશુપાલન, સોલાર પેનલ, રેડીમેડ ગારમેન્ટ સહિત વિવિધ માઇક્રો એન્ટરપ્રાઈઝ સ્થાપિત કરવામાં આવ્યા છે. પરિણામે ગ્રામજનોને પોતાના ગામમાં જ રોજગારી પ્રાપ્ત થઈ રહી છે અને સ્થળાંતરમાં ઘટાડો થયો છે.

**ઉપસંહાર : પ્રેરણાનું પ્રકાશપુંજ.**

વી.આર.ટી.આઈ. સંસ્થાના ચેરમેન શ્રી નીતિનભાઈ દવેના માર્ગદર્શન અને પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી કિશોરસિંહ ગોહિલના અથાગ પ્રયત્નોથી છેલ્લા પાંચ વર્ષ દરમિયાન થયેલી આ વિકાસયાત્રાના પરિણામો સ્પષ્ટપણે જોવા મળી રહ્યા છે. ગ્રામજનોની આવકમાં વધારો થયો છે, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ગુણાત્મક સુધારો થયો છે, પર્યાવરણ વધુ સમૃદ્ધ બન્યું છે અને સ્થાનિક રોજગારીની તકોમાં વધારો થયો છે.

આ સર્વાંગી વિકાસના પરિણામે અવાણીયા ગામ આજે સ્વાવલંબી, આત્મનિર્ભર અને ટકાઉ વિકાસ તરફ અગ્રેસર થઈ રહ્યું છે અને સમગ્ર વિસ્તાર માટે એક પ્રેરણાદાયી "મોડલ ગામ" તરીકે ઉભરી રહ્યું છે.

# બેરોજગારી સામે વ્યવસાયિક શિક્ષણ જ સાચો માર્ગ

**દેશની સૌથી મોટી યુવા શક્તિને જો યોગ્ય શિક્ષણ, કૌશલ્ય અને તક મળે તો બેરોજગારીનું સ્વરૂપ બદલી શકાય છે. સરકાર, ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને યુવાનો સાથે મળીને કામ કરે તો નવી રોજગારી ઊભી થઈ શકે છે**

**આસપાસ ચોપાસ**
સુરેશ ભટ્ટ

આજની સૌથી મોટી સમસ્યાઓમાં બેરોજગારી એક ગંભીર સમસ્યા છે. દેશની વસ્તી વધી રહી છે. યુવાનોની સંખ્યા પણ વધી રહી છે. દર વર્ષે લાખો યુવાનો શિક્ષણ પૂર્ણ કરીને નોકરીની શોધમાં બહાર આવે છે. પરંતુ તેમની સામે પૂરતી નોકરીઓ ઉપલબ્ધ નથી. પરિણામે શિક્ષિત યુવાનોમાં નિરાશા વધે છે. આ સ્થિતિ માત્ર વ્યક્તિની સમસ્યા નથી. તે પરિવાર, સમાજ અને દેશના અર્થતંત્રને પણ અસર કરે છે.

બેરોજગારી અંગે ઉપલબ્ધ માહિતી ચિંતાજનક છે. દેશમાં સરેરાશ બેરોજગારીનો દર ૬.૮૩ ટકા આસપાસ છે. ગ્રેજ્યુએટ યુવાનોમાં આ દર ઘણો વધારે જોવા મળે છે. તેનો અર્થ એ છે કે માત્ર ડિગ્રી મેળવી લેવાથી રોજગારની ખાતરી મળતી નથી.

દર મહિને મોટી સંખ્યામાં યુવાનો નોકરીના બજારમાં પ્રવેશ કરે છે. પરંતુ ઉદ્યોગો અને કંપનીઓને જે પ્રકારની કુશળતા જોઈએ છે તે દરેક યુવાન પાસે નથી. અહીં શિક્ષણ અને રોજગાર વચ્ચેનું અંતર સ્પષ્ટ થાય છે. એક તરફ ડિગ્રીધારક યુવાનો છે. બીજી તરફ ટેકનિકલ અને વ્યવહારુ કુશળતા ધરાવતા લોકોની જરૂરિયાત છે.

દેશમાં મોટી સંખ્યામાં કામદારો બિનઔપચારિક ક્ષેત્રમાં કામ કરે છે. તેમની પાસે રોજગારની સ્થિરતા ઓછી હોય છે. સામાજિક સુરક્ષા પણ મર્યાદિત હોય છે. બીજી ગંભીર બાબત એ છે કે દેશના અનેક યુવાનોને ઉચ્ચ શિક્ષણ મળ્યું હોવા છતાં વ્યવસાયિક તાલીમ ઓછી મળી છે.

બેરોજગારીનો સંબંધ માત્ર નોકરીની અછત સાથે નથી. તે શિક્ષણની દિશા સાથે પણ જોડાયેલો છે. ઘણા અભ્યાસક્રમો યુવાનોને પરીક્ષા માટે તૈયાર કરે છે. પરંતુ જીવન અને રોજગાર માટે જરૂરી કુશળતા શીખવતા નથી. આ સ્થિતિ બદલવી જરૂરી છે.

આજના યુગમાં ટેકનોલોજી ઝડપથી બદલાઈ રહી છે. કૃત્રિમ બુદ્ધિ, ઓટોમેશન, રોબોટિક્સ અને ડિજિટલ સેવાઓ રોજગારનું સ્વરૂપ બદલી રહ્યાં છે. આવનારા સમયમાં માત્ર પરંપરાગત ડિગ્રી પૂરતી નહીં રહે.

યુવાન પાસે કામ કરવાની કળા હોવી જરૂરી છે. તેને મશીન ચલાવતાં આવડવું જોઈએ. કમ્પ્યુટર અને ડિજિટલ સાધનોનો ઉપયોગ આવડવો જોઈએ. ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, મશીન ઓપરેટર, વેલ્ડર, ટેકનિશિયન, ડ્રોન ઓપરેટર, સોલાર ટેકનિશિયન જેવા અનેક ક્ષેત્રોમાં તકો ઊભી થઈ રહી છે. આ માટે વ્યવસાયિક શિક્ષણ અત્યંત જરૂરી છે.

સરકારે બેરોજગારી ઘટાડવા માટે શિક્ષણની દિશામાં મૂળભૂત ફેરફાર કરવો જોઈએ. માધ્યમિક શાળાના સ્તરથી વ્યવસાયિક શિક્ષણને મહત્વ મળવું જોઈએ. વિદ્યાર્થી પોતાની રુચિ પ્રમાણે કોઈ કૌશલ્ય પસંદ કરી શકે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

સરકારી શાળાઓમાં આધુનિક કૌશલ્ય કેન્દ્રો શરૂ કરવા જોઈએ. તેમાં સ્થાનિક ઉદ્યોગોની જરૂરિયાત પ્રમાણે તાલીમ આપવી જોઈએ. તાલીમ માત્ર કાગળ પર ન રહે. વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ કામ કરાવવું જોઈએ.

સરકારે ઉદ્યોગો સાથે ભાગીદારી વધારવી જોઈએ. કંપનીઓમાં તાલીમ, એપ્રેન્ટિસશિપ અને ઈન્ટર્નશિપની તકો વધારવી જોઈએ. તાલીમ પૂર્ણ કરનારા યુવાનોને પ્રમાણપત્ર સાથે રોજગારની દિશા પણ બતાવવી જોઈએ.

કૌશલ્ય વિકાસ માટે અગાઉ શરૂ કરવામાં આવેલી યોજનાઓમાંથી મળેલા અનુભવનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. જ્યાં યોજનાઓ સફળ ન થઈ હોય ત્યાં ખામી શોધવી જોઈએ. માત્ર યોજના જાહેર કરવાથી બેરોજગારી દૂર થતી નથી. તેની અસર જમીન પર દેખાવી જોઈએ.સરકારે નાના અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું જોઈએ. નાના ઉદ્યોગો મોટી સંખ્યામાં રોજગાર આપી શકે છે. યુવાનોને સરળ લોન, માર્ગદર્શન અને બજાર સાથે જોડાણ મળે તો તેઓ પોતાનો વ્યવસાય શરૂ કરી શકે.

બેરોજગારી સામેની લડાઈમાં યુવાનોની ભૂમિકા પણ મહત્વની છે. દરેક યુવાન માત્ર સરકારી નોકરીની રાહ જુએ તે યોગ્ય નથી. સરકારી નોકરીઓની સંખ્યા મર્યાદિત છે. તેથી દરેકને સરકારી નોકરી મળવી શક્ય નથી.

યુવાનોએ પોતાની કુશળતા ઓળખવી જોઈએ. નાની શરૂઆતથી પણ વ્યવસાય શરૂ કરી શકાય છે. ડિજિટલ સેવા, રિપેરિંગ, કૃષિ આધારિત વ્યવસાય, ફૂડ પ્રોસેસિંગ, સોલાર સેવા, ટેકનિકલ સર્વિસ અને ઓનલાઈન સેવાઓ જેવા અનેક ક્ષેત્રોમાં તક છે.

એક યુવાન પોતે રોજગાર મેળવે તે સારી વાત છે. પરંતુ તે આગળ વધીને બીજા પાંચ કે દસ લોકોને રોજગાર આપે તો દેશને વધુ ફાયદો થાય છે. તેથી યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાની ભાવના વિકસાવવી જરૂરી છે.

વ્યવસાયિક શિક્ષણ જ લાંબા ગાળાનો ઉકેલ છે.બેરોજગારીનો કાયમી ઉકેલ માત્ર વધુ ડિગ્રી આપવામાં નથી. તેનો ઉકેલ શિક્ષણને રોજગાર સાથે જોડવામાં છે. વ્યવસાયિક શિક્ષણને ગૌણ માનવાની માનસિકતા બદલવી પડશે.

ડિગ્રી અને કૌશલ્ય બંનેને સમાન મહત્વ મળવું જોઈએ. શાળામાંથી જ બાળકોને કામનું સન્માન શીખવવું જોઈએ. કોઈ કામ નાનું નથી. કુશળ કારીગર દેશની અર્થવ્યવસ્થાનો મહત્વનો ભાગ છે.

દેશની સૌથી મોટી યુવા શક્તિને જો યોગ્ય શિક્ષણ, કૌશલ્ય અને તક મળે તો બેરોજગારીનું સ્વરૂપ બદલી શકાય છે. સરકાર, ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને યુવાનો સાથે મળીને કામ કરે તો નવી રોજગારી ઊભી થઈ શકે છે.

આથી હવે સમય આવી ગયો છે કે શિક્ષણને માત્ર પરીક્ષા અને પ્રમાણપત્ર પૂરતું ન રાખવામાં આવે. શિક્ષણ એવું હોવું જોઈએ કે યુવાન પોતાના પગ પર ઊભો રહી શકે. નોકરી મેળવી શકે અને નોકરી આપી પણ શકે. વ્યવસાયિક શિક્ષણને રાષ્ટ્રીય પ્રાથમિકતા બનાવવી એ જ બેરોજગારી સામેનો સૌથી અસરકારક માર્ગ છે.યુવા શક્તિને રોજગારથી ઉદ્યોગસર્જન તરફ વાળવી પડશે

ભારત આજે યુવાનોનો દેશ છે. આ યુવા શક્તિ દેશની સૌથી મોટી સંપત્તિ બની શકે છે. પરંતુ જો યુવાનોને યોગ્ય કામ ન મળે તો આ જ શક્તિ ચિંતાનું કારણ બની શકે છે. તેથી બેરોજગારીને દેશની સૌથી ગંભીર આર્થિક અને સામાજિક સમસ્યાઓમાં ગણવી પડે.

દર વર્ષે મોટી સંખ્યામાં યુવાનો શિક્ષણ પૂર્ણ કરે છે. તેઓ નોકરી મેળવવાની આશા રાખે છે. પરંતુ નોકરીના બજારમાં તેમની સંખ્યા કરતાં તકો ઓછી હોય છે. ખાસ કરીને ઉચ્ચ શિક્ષણ મેળવનારા ઘણા યુવાનોને પણ યોગ્ય રોજગાર મળતો નથી.

આ સ્થિતિનું એક કારણ શિક્ષણ અને ઉદ્યોગની જરૂરિયાત વચ્ચેનું અંતર છે. યુનિવર્સિટીમાંથી મળતી ડિગ્રી અને બજારમાં જરૂરી કુશળતા ઘણી વખત અલગ હોય છે. પરિણામે કંપનીઓને કુશળ કર્મચારી મળતા નથી અને યુવાનોને નોકરી મળતી નથી.

દેશમાં બિનઔપચારિક ક્ષેત્રનું પ્રમાણ પણ મોટું છે. કરોડો લોકો આવા ક્ષેત્રમાં કામ કરે છે. તેમની આવક ઘણી વખત અનિશ્ચિત હોય છે. તેમને પૂરતી તાલીમ અને સામાજિક સુરક્ષા મળતી નથી. બીજી તરફ ઘણા યુવાનો પાસે કોઈ ચોક્કસ વ્યવસાયિક કૌશલ્ય નથી.

બેરોજગારીનો આ પ્રશ્ન યુવાનોના આત્મવિશ્વાસને પણ અસર કરે છે. લાંબા સમય સુધી નોકરી ન મળવાથી નિરાશા વધે છે. પરિવાર પર આર્થિક ભાર પડે છે. શહેરોમાં સ્થળાંતર વધે છે. આથી બેરોજગારીને માત્ર આંકડા તરીકે જોવાની ભૂલ ન કરવી જોઈએ.

બદલાતા યુગમાં બદલવું પડશે શિક્ષણ

ટેકનોલોજીએ રોજગારનું સ્વરૂપ બદલી નાખ્યું છે. કમ્પ્યુટર, ઓટોમેશન, કૃત્રિમ બુદ્ધિ અને નવી મશીનરીના કારણે અનેક પરંપરાગત કામોમાં ફેરફાર થઈ રહ્યો છે. સાથે જ નવા પ્રકારના કામ પણ ઊભા થઈ રહ્યા છે.

આ નવા કામ માટે નવી કુશળતા જરૂરી છે. તેથી શિક્ષણ વ્યવસ્થામાં મોટો ફેરફાર કરવો પડશે. વિદ્યાર્થીને માત્ર પુસ્તકનું જ્ઞાન આપવું પૂરતું નથી. તેને કામ કરવાની પદ્ધતિ પણ શીખવવી જોઈએ.



ઈમેજ એઆઈ દ્વારા જનરેટ

વ્યવસાયિક શિક્ષણ અહીં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. ઈલેક્ટ્રિકલ કામ, મશીનરી, ઓટોમોબાઈલ, કમ્પ્યુટર, સોલાર ટેકનોલોજી, મોબાઈલ રિપેરિંગ, ફૂડ પ્રોસેસિંગ, હેલ્થકેર સહાયક સેવાઓ અને અન્ય ટેકનિકલ ક્ષેત્રોમાં તાલીમ આપી શકાય છે.સરકારે માધ્યમિક શિક્ષણથી જ કૌશલ્ય આધારિત અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ. વિદ્યાર્થીઓને પોતાની પસંદગી પ્રમાણે વ્યવસાય પસંદ કરવાની તક મળવી જોઈએ. શાળાઓમાં સાધનો અને પ્રયોગશાળાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ.

માત્ર તાલીમ કેન્દ્રો ખોલવાથી કામ નહીં ચાલે. તાલીમની ગુણવત્તા પણ તપાસવી પડશે. તાલીમ પછી યુવાનને નોકરી કે સ્વરોજગાર મળે છે કે નહીં તે પણ જોવું જોઈએ.ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સીધો સંબંધ સ્થાપવો જરૂરી છે. ઉદ્યોગોને કયા પ્રકારના કર્મચારીઓ જોઈએ છે તેની માહિતી શિક્ષણ સંસ્થાઓ સુધી પહોંચવી જોઈએ. વિદ્યાર્થીઓને કંપનીઓમાં પ્રાયોગિક તાલીમ આપવી જોઈએ.એપ્રેન્ટિસશિપની તકો વધારવી પણ જરૂરી છે. યુવાન કામ શીખે અને સાથે અનુભવ મેળવે તે વ્યવસ્થા રોજગાર માટે ખૂબ ઉપયોગી બની શકે છે.

સરકારે નાના વ્યવસાયોને પણ પ્રોત્સાહન આપવું જોઈએ. સરળ લોન, યોગ્ય માર્ગદર્શન અને બજાર સુધી પહોંચ મળે તો ઘણા યુવાનો પોતાનો વ્યવસાય શરૂ કરી શકે છે. નાના ઉદ્યોગો રોજગારના મોટા કેન્દ્ર બની શકે છે.નોકરી પાછળ દોડવાને બદલે તક ઊભી કરવી એ સાચો ઉપાય છે.યુવાનો માટે પણ વિચારવાની દિશા બદલવાનો સમય આવી ગયો છે. દરેક યુવાનનો અંતિમ ધ્યેય માત્ર નોકરી મેળવવાનો ન હોવો જોઈએ. પોતાની ક્ષમતા પ્રમાણે વ્યવસાય ઊભો કરવાનો વિચાર પણ કરવો જોઈએ.આ માટે ઉદ્યોગસાહસિક શિક્ષણ જરૂરી છે. યુવાનને વ્યવસાય કેવી રીતે શરૂ કરવો, ગ્રાહક કેવી રીતે મેળવવો, ખર્ચ અને આવક કેવી રીતે સંભાળવી તથા ડિજિટલ માધ્યમનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ મળવી જોઈએ.

એક કુશળ યુવાન પોતાનું જીવન બદલી શકે છે. પરંતુ તે જો પોતાનો વ્યવસાય શરૂ કરે અને બીજા યુવાનોને કામ આપે તો તેની અસર અનેકગણી થાય છે. દેશને એવા યુવાનોની જરૂર છે જે રોજગાર શોધે પણ અને રોજગાર સર્જે પણ.

વ્યવસાયિક શિક્ષણને મુખ્ય પ્રવાહમાં લાવવું જરૂરી આ વસ્તુ સરકાર કરી શકે

આપણે લાંબા સમયથી ડિગ્રીને સફળતાનું મુખ્ય માપદંડ માનીએ છીએ. હવે આ વિચાર બદલવો પડશે. ડિગ્રી મહત્વની છે. પરંતુ કુશળતા પણ એટલી જ મહત્વની છે.વ્યવસાયિક શિક્ષણને ઓછું માનવાની માનસિકતા દૂર કરવી પડશે. ટેકનિશિયન, કારીગર, મશીન ઓપરેટર, ઈલેક્ટ્રિશિયન અને અન્ય કુશળ કામદારો દેશના વિકાસમાં મહત્વનો ફાળો આપે છે.

નવી શિક્ષણ નીતિમાં વ્યવસાયિક શિક્ષણને વધુ સ્થાન આપવાની દિશા યોગ્ય છે. હવે તેનો અસરકારક અમલ જરૂરી છે. શાળા, ઉદ્યોગ અને સરકાર વચ્ચે મજબૂત સંકલન થવું જોઈએ.બેરોજગારી ઘટાડવા માટે એક જ ઉપાય પૂરતો નથી. રોજગારની નવી તકો ઊભી કરવી પડશે. ઉદ્યોગોનો વિકાસ કરવો પડશે. નાના વ્યવસાયોને મદદ કરવી પડશે. પરંતુ આ બધાની સાથે યુવાનોને યોગ્ય કૌશલ્ય આપવું સૌથી મહત્વનું છે.આથી દેશની નીતિમાં વ્યવસાયિક શિક્ષણને કેન્દ્રસ્થાને રાખવાનો સમય આવી ગયો છે. યુવાનને માત્ર નોકરી માટે તૈયાર ન કરો. તેને જીવન માટે તૈયાર કરો. તેને કૌશલ્ય આપો. તેને આત્મનિર્ભર બનાવો. અને સૌથી મહત્વનું, તેને નોકરી શોધનાર નહી, પરંતુ નોકરી સર્જનાર બનવાની તક આપો. યુવા શક્તિને યોગ્ય દિશા મળે તો બેરોજગારીનું સંકટ દેશની સૌથી મોટી વિકાસશક્તિમાં ફેરવાઈ શકે છે.

# ઋષભ પંત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બેટ્સમેન બન્યો

નવીદિલ્હી,

ઋષભ પંતનું બેટ ફરી એકવાર ગેલ ટેસ્ટમાં ગર્જના કરતું રહ્યું, જે ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં એક મોટી સિદ્ધિ છે. શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટની બીજી ઈનિંગમાં ૬૬ રનની ધમાકેદાર ઈનિંગ સાથે, પંતે કેપ્ટન શુભમન ગિલને પાછળ છોડીને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બેટ્સમેન બન્યો. પંતે ૬૯ બોલમાં ૬૬ રન બનાવ્યા. આ ઈનિંગ દરમિયાન, તેણે પોતાની આક્રમક બેટિંગથી શ્રીલંકાના બોલરો પર દબાણ જાળવી રાખ્યું. પંતે પહેલી ઈનિંગમાં પણ ૬૨ બોલમાં ૩૯ રન બનાવ્યા હતા. તેણે ગેલ ટેસ્ટમાં કુલ ૧૦૫ રન બનાવ્યા હતા. પંતના હવે ઉઝ માં ૪૧ મેચોમાં ૭૩ ઈનિંગમાં ૨,૮૮૫ રન છે. તેણે શુભમન ગિલને પાછળ છોડી દીધો, જેમણે ૪૧ ઉઝ ટેસ્ટમાં ૨,૮૬૭ રન બનાવ્યા છે. એ જોવું રસપ્રદ રહેશે કે પંત અને ગિલમાંથી કોણ ડબ્લ્યુટીસી ઈતિહાસમાં ૩,૦૦૦ રન બનાવનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બનવાનું ગૌરવ પ્રાપ્ત કરશે.



પંત અને ગિલ પછી, રોહિત શર્મા ડબ્લ્યુટીસીમાં ભારતના સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં ૨,૭૧૬ રન સાથે ત્રીજા ક્રમે છે, રવિન્દ્ર જાડેજા ૨,૬૩૨ રન સાથે ચોથા ક્રમે છે અને વિરાટ કોહલી ૨,૬૧૭ રન સાથે પાંચમા ક્રમે છે. યશસ્વી જયસ્વાલ ૨,૫૪૩ રન સાથે આ યાદીમાં છઠ્ઠા ક્રમે છે. જોકે, ડબ્લ્યુટીસીમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ હાલમાં ઈંગ્લેન્ડના દિગ્ગજ ખેલાડી જો રૂટના નામે છે. રૂટે ૭૭ મેચોમાં ૬,૬૫૧ રન બનાવ્યા છે. ૧૯ ઓગસ્ટથી શરૂ થતી પાકિસ્તાન સામેની ત્રણ મેચની ટેસ્ટ શ્રેણીમાં, તેમની પાસે ઉઝ ઈતિહાસમાં ૭,૦૦૦ રન બનાવનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બનવાની તક છે. ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ ૪,૬૭૯ રન સાથે આ યાદીમાં બીજા ક્રમે છે.

ગેલે ટેસ્ટની બીજી ઈનિંગમાં પોતાની શાનદાર અડધી સદી દરમિયાન, તેમણે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ છગ્ગા ફટકારવાનો ઐતિહાસિક રેકોર્ડ પણ બનાવ્યો. તે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ છગ્ગા મારનાર પ્રથમ ભારતીય અને વિશ્વનો એકમાત્ર ચોથો બેટ્સમેન છે. તેમણે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૦૦ છગ્ગા મારવાની સિદ્ધિ પણ હાંસલ કરી.

# નીતિશ રાણા અડધી સદી પૂરી કર્યા પછી ભાવુક થયો, આકાશ તરફ જોઈ માતાને યાદ કરી

નવીદિલ્હી,

વેસ્ટ દિલ્હી લાયન્સ અને સાઉથ દિલ્હી સુપરસ્ટાર્સ વચ્ચે દિલ્હી પ્રીમિયર લીગ ૨૦૨૬ મેચમાં નીતિશ રાણાએ શાનદાર અડધી સદી ફટકારી હતી. જોકે, આ ઈનિંગ તેમના માટે ફક્ત ક્રિકેટ પૂરતી મર્યાદિત નહોતી. પોતાની અડધી સદી પૂરી કર્યા પછી, રાણા ભાવુક થઈ ગયા અને તેમની સ્વર્ગસ્થ માતાને યાદ કરીને રડી પડ્યા. આ ભાવનાત્મક ક્ષણનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં, રાણાએ માત્ર ૩૩ બોલમાં ૬૦ રન બનાવ્યા. તેમની ઈનિંગમાં ૪ ચોગ્ગા અને ૬ છગ્ગાનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, રાણા તેમની



સ્વર્ગસ્થ માતાના નામવાળી જર્સી પહેરીને મેદાનમાં ઉતર્યા હતા.

નીતીશ રાણાએ અડધી સદી પૂર્ણ કરતાની સાથે જ તેણે આકાશ તરફ જોયું અને તેની માતાને શ્રદ્ધાંજલિ આપી. ત્યારબાદ તે મેદાન પર જ ભાવુક થઈને રડી પડ્યો. વિરોધી ટીમનો વિકેટકીપર તેની બાજુમાં દોડી ગયો અને તેને સાંત્વના આપી. રાણાએ તાજેતરમાં જ તેની માતા ગુમાવી. આ મુશ્કેલ સમય છતાં, તેણે થોડા દિવસો પછી જ મેદાનમાં પાછા ફરવાનું નક્કી કર્યું. તેની ઈનિંગ અને ત્યારબાદના ભાવનાત્મક દ્રશ્યે ક્રિકેટ ચાહકોના હૃદયને સ્પર્શી લીધું.

# માનવ સુથારે હરભજન સિંહનો રેકોર્ડ તોડયો શ્રીલંકા સામે૧૦ બોલમાં ૪ વિકેટ લીધી

ગાલે,

માનવ સુથારે ગાલેમાં શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં શાનદાર બોલિંગ કરી હતી. ટીમ ઈન્ડિયાએ ૧૬૫ રનના મોટા માર્જિનથી મેચ જીતી હતી. ભારત હવે શ્રેણીમાં ૧-૦ ની લીડ ધરાવે છે. દરમિયાન, સુથારે હરભજન સિંહનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે, જે તેણે ૨૦૦૮ માં શ્રીલંકા સામે બનાવ્યો હતો. તે હવે શ્રીલંકા સામે ટેસ્ટમાં ભારતનો શ્રેષ્ઠ બોલર બની ગયો છે.



ભારત અને શ્રીલંકા વચ્ચે રમાયેલી પ્રથમ ટેસ્ટની પહેલી ઈનિંગમાં સુથારે શાનદાર બોલિંગ કરી. તેણે ૨૧.૪ ઓવરમાં ૭૬ રન આપીને ચાર શ્રીલંકન બેટ્સમેનોને આઉટ કર્યા. પછી, જ્યારે તે બીજી ઈનિંગમાં બોલિંગ કરવા આવ્યો, ત્યારે તેણે ૨૩.૪ ઓવરમાં ૫૫ રન આપીને છ ખેલાડીઓને આઉટ કર્યા. આનો અર્થ એ થયો કે તેણે ૧૩૧ રન આપીને ૧૦ વિકેટ લીધી છે.માનવ સુથાર હવે શ્રીલંકા સામે ટેસ્ટમાં શ્રેષ્ઠ બોલિંગ ફિગર ધરાવતો ભારતીય બોલર બની ગયો છે. અગાઉ, ૨૦૦૮ માં, હરભજન સિંહે શ્રીલંકા સામે ૧૫૩ રન આપીને ૧૦ વિકેટ લીધી હતી. ૨૦૧૭ માં, રવિચંદ્રન અશ્વિને શ્રીલંકા સામે ૧૬૦ રન આપીને ૧૦ વિકેટ લીધી હતી. ત્રણેય માટે કુલ વિકેટની સંખ્યા સમાન છે, પરંતુ સુથારે ઓછા રન આપીને ૧૦ વિકેટ લીધી હતી. નોંધપાત્ર વાત એ છે કે માનવે તેના છેલ્લા ૧૦ બોલમાં ચાર વિકેટ લીધી. એક સમયે એવું લાગતું હતું કે મેચ ત્રીજા સત્રમાં જશે, પરંતુ માનવનો સ્પિન એટલો અસરકારક હતો કે શ્રીલંકાના બેટ્સમેન તેનો સામનો કરી શક્યા નહીં.માનવ સુથારે ભારત માટે અત્યાર સુધી ફક્ત બે ટેસ્ટ રમી છે અને આ સમયગાળા દરમિયાન ૧૭ વિકેટ લીધી છે. તેણે અગાઉ અફઘાનિસ્તાન સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું, જેમાં તેણે પ્રથમ ઈનિંગમાં છ વિકેટ લીધી હતી, ત્યારબાદ બીજી ઈનિંગમાં સફળતા મળી હતી. વધુમાં, તે જરૂર પડ્યે બેટથી પણ સારું પ્રદર્શન કરે છે. તેણે બે વાર પાંચ વિકેટ લીધી છે.

આ શ્રેણીની આગામી મેચ ૨૩ ઓગસ્ટે કોલંબોમાં રમાશે.

# ડેવિડ વોર્નર દારૂ પીને વાહન ચલાવવાના કેસમાં દોષિત જાહેર, કોર્ટે ભારે દંડ ફટકાર્યો

સિડની,

ઓસ્ટ્રેલિયન ટીમના ભૂતપૂર્વ ઓપનર ડેવિડ વોર્નરને હવે વાહન ચલાવતી વખતે ઈન્ટરલોક ડિવાઈસનો ઉપયોગ કરવો પડશે, કારણ કે સિડનીની એક કોર્ટે તેમને દારૂ પીને વાહન ચલાવવાના કેસમાં દોષિત જાહેર કર્યા છે. ૩૯ વર્ષીય વોર્નરને ઈસ્ટર રેન્ડમ બ્રેથ-ટેસ્ટિંગ સાઈટ પર પહોંચતી વખતે મુસાફર સાથે સીટ બદલવાનો પ્રયાસ કર્યા બાદ દારૂ પીને વાહન ચલાવવા બદલ ૧,૫૦૦ ઓસ્ટ્રેલિયન ડોલરનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.



આ ઘટના ૫ એપ્રિલના રોજ બની હતી, જ્યારે વોર્નર વાહન ચલાવી રહ્યો હતો અને રેન્ડમ બ્રેથ-ટેસ્ટિંગ સાઈટ પર રોકવા બદલ હેડલાઈન્સ બન્યો હતો. રેન્ડમ બ્રેથ ટેસ્ટમાં દારૂનું પ્રમાણ કાનૂની મર્યાદા કરતા બમણા કરતા વધુ હોવાનું બહાર આવ્યા બાદ ભૂતપૂર્વ ટેસ્ટ ઓપનર પર મધ્યમ રેન્જમાં દારૂ પીને વાહન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ગયા મહિને, વોર્નરે સિડની કોર્ટમાં દારૂ પીને વાહન ચલાવવાના આરોપમાં દોષી ઠેરવ્યો હતો. કોર્ટે આ કેસમાં અંતિમ સજા માટે ૧૮ ઓગસ્ટની તારીખ નક્કી કરી હતી, જ્યાં વોર્નરને "મિડ-રેન્જ" દારૂ પીને વાહન ચલાવવાના ઉલ્લંઘન માટે સ્થાનિક ટ્રાફિક કાયદા હેઠળ સજાનો સામનો કરવો પડે છે.

વોર્નરના વકીલ, અવૈસ અહેમદે દલીલ કરી હતી કે તેને આ ગુના માટે દોષિત ઠેરવવો જોઈએ નહીં કારણ કે તે પહેલાથી જ મીડિયા કવરેજને કારણે વધારાની સજા ભોગવી ચૂક્યો છે. ભારત અને બાંગ્લાદેશ જેવા દેશોમાં, જ્યાં વોર્નર ૨૦ ફ્રેન્ચાઈઝ લીગમાં રમવાનો પ્રયાસ કરી શકે છે, ત્યાં દારૂ પીવાની સંસ્કૃતિ સ્વીકારવામાં આવે છે. તેમણે કહ્યું કે તેના ગુનાના પરિણામો ગંભીર છે અને વ્યવસાયિક તકોને અસર કરી રહ્યા છે.

# બિગબોસ મલયાલમની વિજેતા અભિનેત્રી અનુમોલ તમિલ અભિનેતા ભુવનેશ સાથે લગ્નગ્રંથીથી જોડાઈ



મુંબઈ,

લોકપ્રિય દક્ષિણ અભિનેત્રી અને બિગ બોસ મલયાલમ સીઝન ૭ ની વિજેતા અનુમોલે સમાધાન કરી લીધું છે. તેણીએ એક ખાનગી સમારંભમાં તમિલ અભિનેતા ભુવનેશ સાથે લગ્ન કર્યા. આ દંપતીએ ગુરુવાયુર મંદિરમાં સંપૂર્ણ વિધિઓ સાથે લગ્ન કર્યા. જોકે, આ કાર્યક્રમમાં ફક્ત ખૂબ જ નજીકના મિત્રો અને પરિવારના સભ્યો જ હાજર હતા.

અનુમોલ અને ભુવનેશના લગ્નના સમાચાર અને ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. બંનેએ સંપૂર્ણ વિધિ સાથે પરંપરાગત પોશાકમાં હાથ પકડ્યા હતા. કેટલાક સમયથી તેમના લગ્ન વિશે અટકળો ચાલી રહી છે. હવે, આ દંપતીએ પોતે લગ્નના ફોટા સાથે સમાચારની પુષ્ટિ કરી છે.

અનુમોલે હલ્દી સમારોહ સહિત કેટલીક અન્ય પૂર્વ-લગ્ન વિધિઓના ફોટા અને વીડિયો પણ શેર કર્યા. પોસ્ટ શેર કરતા તેણે લખ્યું, "એક નવી શરૂઆતની ઉજવણી." ચાહકો તેને લગ્ન માટે અભિનંદન આપી રહ્યા છે. અનુમોલ નાના પડદા પર એક જાણીતું નામ છે અને તેણે ઘણી ફિલ્મોમાં પણ અભિનય કર્યો છે.

# માલવિકા શર્માને બીફ ખાવા વિશે પૂછવામાં આવતા અભિનેત્રીએ અસ્વસ્થતા અનુભવી

મુંબઈ,

અભિનેત્રી માલવિકા શર્મા તાજેતરમાં તેની ફિલ્મ 'ખલીફા'ના પ્રમોશન માટે કેરળમાં હતી, અને તેને બીફ ખાવા વિશે પૂછવામાં આવ્યું. માલવિકા અસ્વસ્થ થઈ ગઈ અને તેણે સંક્ષિપ્ત જવાબ આપ્યો. જોકે, સોશિયલ મીડિયા પર લોકો ગુસ્સે છે.

જ્યારે માલવિકા શર્માને બીફ ખાવા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે લોકો ગુસ્સે થયા, અને અભિનેત્રીએ અસ્વસ્થતા અનુભવી, તેણે સંક્ષિપ્ત જવાબ આપ્યો.

દક્ષિણ ફિલ્મ અભિનેત્રી માલવિકા શર્મા તાજેતરમાં એક



પત્રકારે બીફ ખાવા વિશે પૂછ્યું ત્યારે તે અસ્વસ્થ થઈ ગઈ. જોકે, તેણીએ પોતાની જાતને કાબૂમાં રાખી અને ટૂંકમાં જવાબ આપ્યો, જેની ચર્ચા થઈ રહી છે. માલવિકા શર્મા શાકાહારી છે, અને બીફ ખાવા વિશેના પ્રશ્ને વપરાશકર્તાઓને આશ્ચર્યચકિત કર્યા. આવો પ્રશ્ન પૂછવામાં આવતા તેણીએ ગુસ્સો વ્યક્ત કર્યો.

માલવિકા શર્મા હાલમાં તેની ફિલ્મ "ખલીફા" ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ હેતુ માટે તે કેરળમાં હતી. મીડિયા સાથેની વાતચીત દરમિયાન, માલવિકાને પૂછવામાં આવ્યું કે તેને કેરળના ભોજનમાં શું ગમે છે. માલવિકાએ કહ્યું કે તે ઘણી વસ્તુઓનો સ્વાદ ચાખી શકતી ન હતી, પરંતુ તેણીએ ભાત, ગ્રેવી અને ઘણી કરીનો આનંદ માણ્યો.

એક પત્રકારે માલવિકાને પૂછ્યું કે શું તેને બીફ ગમે છે. માલવિકાને આ પ્રશ્ન સાંભળીને આશ્ચર્ય થયું. તે સંપૂર્ણપણે અસ્વસ્થ હતી, પરંતુ તેણે પોતાની જાતને શાંત કરી અને જવાબ આપ્યો કે તે શાકાહારી છે અને તેથી તે બીફ ખાતી નથી. આ જવાબથી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ કે માલવિકાને જાણી જોઈને બીફ ખાવા વિશે કેમ પૂછવામાં આવ્યું. તેઓએ કહ્યું કે આ પ્રશ્ન અભિનેત્રીને ટ્રેન્ડિંગ જવાબ આપવા માટે ઉશ્કેરવાનો હતો.

માલવિકા શર્મા એક અભિનેત્રી છે જે દક્ષિણ ભારતીય ફિલ્મોમાં કામ કરે છે. તે એક વકીલ પણ છે. તેણીએ રવિ તેજા સાથે ૨૦૧૮ ની ફિલ્મ "નેલા ટિકિટ" માં અભિનયની શરૂઆત કરી. ત્યારબાદ તેણી ૨૦૨૧ ની ફિલ્મ "રેડ" માં દેખાઈ. ત્યારથી તેણીએ "કોફી વિથ કઢહલ," "ભીમા," અને "હરમ હરા" જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | અ | બ | દ | ન | પ્ર | હા | શ | મો | ખ | બ | બા |
| ણે | વ | રા | બા | ભા | ણ | મા | લી | ધ | જ | ધ | દ |
| મ | કા | બ | હિ | શિ | અ | ભ | દ | એ | અ | હા | બા |
| ર | બિ | ર | ળ | ર | મ | પ્ર | ભા | ફ | પ્ર | કા | કી |
| ભો | બ | આ | બિ | રો | સા | હિ | ક | તી | જ્ઞા | ગી | ભો |
| ધ | સ | બ | મ | દ | ગ | ક | કા | કા | ગ | મ | ર |
| દ | ઈ | હિ | ભ | ભા | ઔ | મા | ગી | ર | ભો | ળ | લ |
| મા | મા | વ | દ | ધ | ણ | ક | ફ | ગી | ન | બં | કા |
| પ્રા | મા | ણિ | ક | ઊ | વા | બ | મો | લ | ચી | ર | મા |
| કા | ક્ષ | ર | મ | બૂ | ભા | ર | કા | દ | ચી | ન | લ |
| ર | ન | સા | ગ | ભો | ક | ભ | ક | મા | દ | આ | મો |
| કા | ર | ન | મા | કા | ઐ | પ્ર | ળ | દ | ફ | ર | જ |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# ઈમરાન હાશ્મીની પત્ની પરવીને ફિલ્મ "આવારાપન-૨" ની સફળતાની ઉજવણી કરી

મુંબઈ,

ઈમરાન હાશ્મીની સૌથી અપેક્ષિત ફિલ્મ, "આવારાપન ૨" સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે, અને ચાર દિવસમાં, ફિલ્મે દેશભરમાં ૧૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી દીધો છે. "આવારાપન ૨" એ ભારતીય બોક્સ ઓફિસ પર ૧૦૯.૦૨ કરોડની કમાણી કરી છે અને વિશ્વભરમાં ૧૩૦ કરોડની કમાણી કરી છે. આ સફળતા ઈમરાન હાશ્મી માટે મહત્વપૂર્ણ છે, કારણ કે ૨૦૦૮ માં રિલીઝ થયેલી "જન્નત" પછી આ તેની પહેલી સોલો હિટ ફિલ્મ છે. ઈમરાન હાશ્મીએ આ સફળતા માટે વર્ષોથી રાહ જોઈ છે, અને હવે તેની પત્ની, પરવીને, એક લાંબી પોસ્ટમાં તેની ધીરજ અને સમર્પણ વિશે વાત કરી છે. પરવીને ઈમરાન હાશ્મીની ૨૩ વર્ષની



કારકિર્દી વિશે એક પોસ્ટ શેર કરી અને તેના કામ પ્રત્યેના તેના સમર્પણની પ્રશંસા કરી.

ઈમરાન હાશ્મીના ધૈર્ય અને ખંત વિશે વાત કરતા, પરવીને કેપ્શનમાં લખ્યું, "એમીને (ઈમરાન હાશ્મી) આજે જ્યાં છે ત્યાં પહોંચવામાં ૨૩ વર્ષ લાગ્યા. ૨૩ વર્ષ ધીરજ, ખંત, વિશ્વાસ, સમર્પણ અને અસંખ્ય આશીર્વાદ અને પ્રાર્થનાઓ! જ્યારે કેટલાક શુક્રવાર આનંદ અને સફળતા લાવ્યા, તો કેટલાક હૃદયદ્રાવક અને નિરાશાજનક હતા, પરંતુ તેમણે ક્યારેય આગળ વધવાનું બંધ કર્યું નહીં. આ ૨૩ વર્ષો સુધી, તેઓ પ્રયાસ કરતા રહ્યા અને કામ કરતા રહ્યા. તેમને વિશ્વાસ હતો કે તેમની મહેનતનું ફળ એક દિવસ મળશે!! ઈન્શાઅલ્લાહ."

# સલમાન ખાનની ફિલ્મ 'કાલા હરણ'નો કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો, હાઈકોર્ટના આદેશ સામે અરજી

નવીદિલ્હી,

હિન્દી સિનેમા સ્ટાર સલમાન ખાનની ફિલ્મ "કાલા બકઃ ધ બેટલ ફોર લેગસી" ને લગતો વિવાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. ફિલ્મ નિર્માતા અમિત જાનીએ સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી છે. ૨૭ જુલાઈના રોજ સલમાનની અરજી બાદ, દિલ્હી હાઈકોર્ટે ફિલ્મના ટીઝર અને પ્રમોશનલ સામગ્રીને દૂર કરવાનો આદેશ આપ્યો હતો. ફિલ્મ નિર્માતાએ હવે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. ફિલ્મ નિર્માતા અમિત જાનીએ હાઈકોર્ટના નિર્ણય પર એકપક્ષીય વચગાળાનો સ્ટે માંગ્યો છે.

દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ નિર્માતા અમિત જાનીને ઠપકો આપ્યો. કોર્ટે અમિત જાનીને પૂછ્યું, "તમે કાયદાથી ઉપર કેમ માનો છો? તમે સામાન્ય માણસ સાથે પણ આવું ન કરી શકો." અમિત જાનીના વકીલે જવાબ આપ્યો, "આ ફક્ત એક ટીઝર છે; તે સલમાન ખાનના વ્યક્તિત્વનું ઉલ્લંઘન કેવી રીતે કરી રહ્યું છે? હું તેનું નામ પણ નથી લઈ રહ્યો." જાનીના વકીલે વધુમાં જણાવ્યું કે તેમાં કોઈ ડીપફેક કે એઆઈ વીડિયો નથી.

ફિલ્મ નિર્માતાની દલીલનો જવાબ આપતા, સલમાન ખાનના વકીલે જણાવ્યું હતું કે સલમાન ચારમાંથી ત્રણ કેસમાં નિર્દોષ છૂટી ગયો છે. એક કેસમાં સજા પર રોક લગાવવામાં આવી છે. આવી સ્થિતિમાં પણ, સમગ્ર સમુદાય સલમાન ખાન સામે ઉભો થઈ રહ્યો છે.સલમાન ખાને ફિલ્મ "બ્લેક બકઃ ધ બેટલ ફોર લેગસી" સામે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. અરજીમાં, સલમાન ખાને પોતાના વ્યક્તિત્વના અધિકારોનું રક્ષણ કરવાની માંગ કરી હતી. આ પછી, કોર્ટે ફિલ્મના ટીઝર ધરાવતી ઘણી લિંક્સ દૂર કરવાનો આદેશ આપ્યો. કોર્ટે નિર્માતા અમિત જાનીના ઈન્ટરવ્યુ પણ દૂર કરવાનો આદેશ આપ્યો.સલમાન ખાનની અરજી પર સુનાવણી દરમિયાન, કોર્ટે કડક મૌખિક ટિપ્પણી કરી, જેમાં કહ્યું કે વ્યક્તિની પ્રતિષ્ઠાનું રક્ષણ જરૂરી છે. કોર્ટે ફિલ્મમાં અભિનેતા પ્રત્યે કરવામાં આવેલા સ્પષ્ટ સંકેતો પર ચિંતા વ્યક્ત કરી.સલમાન ખાનની અરજી અનુસાર, પ્રમોશનલ સામગ્રીમાં સ્પષ્ટપણે તેમનો ઉલ્લેખ કરીને તેમના 'વ્યક્તિત્વ અધિકારો'નો ગેરકાયદેસર રીતે દુરુપયોગ કરવામાં આવ્યો છે.

# ધ્રોલ ખાતે 'સમરસ વિદ્યા સેતુ' કાર્યક્રમ યોજાયો





જામનગર : ધ્રોલ શહેરની જી.એમ. પટેલ કન્યા શાળા ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી અર્જૂનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને 'સમરસ વિદ્યા સેતુ' કાર્યક્રમ યોજાયો હતો. શિક્ષણથી વંચિત રહેલા તેમજ વિપરીત પરિસ્થિતિઓના કારણે શાળા છોડી ગયેલા બાળકોને ફરીથી શિક્ષણની મુખ્યધારામાં જોડવાના ઉત્દાત ઉદ્દેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિક્ષણવિદો, શિક્ષકો, પદાધિકારીઓ, અધિકારીઓ અને ગ્રામજનોએ ઉત્સાહભેર ઉપસ્થિતિ નોંધાવી હતી.

કાર્યક્રમને સંબોધતા પ્રભારી મંત્રી અર્જૂનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા એ છે કે રાજ્યમાં એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે. ભણતર એ સફળતાની સાચી ચાવી છે અને તે બાબતને ધ્યાને રાખીને રાજ્ય સરકાર પોતાના બજેટનો મોટો હિસ્સો શિક્ષણ ક્ષેત્રે ફાળવે છે. ગત રૂ.૩ લાખ ૮ હજાર કરોડના કુલ બજેટમાંથી રૂ.૬૩,૦૦૦ કરોડથી વધુની માતબર રકમ માત્ર શિક્ષણ પાછળ ખર્ચવામાં આવી છે. સરકાર દ્વારા શાળાઓમાં શ્રેષ્ઠ ભૌતિક સુવિધાઓ, પૌષ્ટિક ભોજન, પુસ્તકો, ઉત્તમ શિક્ષકો, સ્કોલરશિપ અને વિનામૂલ્યે શિક્ષણ જેવી અનેકવિધ યોજનાઓ થકી વિદ્યાર્થીઓનું સર્વાંગી ઘડતર કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે મંત્રીએ ખૂબ જ સરળ શૈલીમાં ભણતરના ફાયદાઓ વિશે પોતાના જાતઅનુભવો બાળકો સમક્ષ રજૂ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ જેવા દુરંદેશી અભિયાનોના પરિણામે શાળાઓમાં નોંધણી દરમાં અભૂતપૂર્વ વધારો થયો છે. રાજ્ય સરકાર દ્વારા હવે વર્ષ ૨૦૩૦ સુધીમાં ડ્રોપઆઉટ દરને શૂન્ય સુધી પહોંચાડવાનો દ્રઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. આ લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે મંત્રીએ તમામ અધિકારીઓ, પદાધિકારીઓ અને શિક્ષકોને આહ્વાન કર્યું હતું કે શાળા છોડી ગયેલા તમામ બાળકો સત્વરે શાળામાં પુનઃપ્રવેશ મેળવે તે માટે સૌ નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવે. શિક્ષકો પોતે જે ગામમાં ફરજ બજાવે છે તે ગામમાં એકપણ બાળક ભણતરથી વંચિત ન રહે તે જોવાની ખાસ ટકોર પણ તેમણે કરી હતી.૨૦૪૭નું 'વિકસિત ભારત' બને ત્યારે સૌ શિક્ષણ થકી ઉન્નતિના શિખરો સર કરે તેવી અભ્યર્થના તેમણે વ્યક્ત કરી હતી.

કાર્યક્રમ દરમિયાન શાળા છોડી ગયેલા બાળકોને શોધીને પુનઃ શાળામાં જોડવાની ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષણ વિભાગના કર્મયોગીઓ, શિક્ષકો તેમજ શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સેવા આપનાર સંસ્થાઓ અને વ્યક્તિઓનું પ્રભારી મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.તેમજ શાળામાં પુનઃપ્રવેશ લેનાર બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરી આવકારાયા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રંજનબેન જીવાણી, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી નિશા, શિક્ષણ સમિતિના ચેરમેન વર્ષાબેન માકડીયા, આરોગ્ય સમિતિના ચેરમેન રાજેશભાઇ મકવાણા, જિલ્લા શિક્ષણાધિકારી વિપુલ મહેતા, સંસ્થાના ટ્રસ્ટી ઘોડાસરા, શિક્ષણ સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, ચંદ્રકાન્ત ખાખરીયા, ધ્રોલ માર્કેટિંગ યાર્ડ ચેરમેન રસિકભાઈ ભંડેરી, પ્રાંત અધિકારી બ્રિજેશ કાલરીયા, સ્થાનિક જનપ્રતિનિધિઓ, તાલુકા અને જિલ્લા કક્ષાના પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## જોડિયા તાલુકા સહકારી ક્ષેત્રમાં યુવા પેનલનો ભવ્ય વિજય



ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : જોડિયા તાલુકાના સહકારી ક્ષેત્રમાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં યુવા વિચારસરણી, સંગઠનશક્તિ અને વિકાસના સંકલ્પ સાથે મેદાને ઉતરેલી પેનલનો ભવ્ય વિજય થયો છે, જેના પગલે સમગ્ર પંથકના સહકારી ક્ષેત્રમાં નવી ઊર્જા અને ભારે ઉત્સાહનો સંચાર જોવા મળી રહ્યો છે.

આ ચૂંટણીમાં જીલ્લા પ્રતિનિધિ પેનલમાંથી દિલુભા બેચુભા જાડેજા, બિજલભાઈ નરસંગભાઈ ખીમાણીયા અને ચિરાગકુમાર ભરતભાઈ વાંક તેમજ તાલુકા પ્રતિનિધિ સભ્ય પેનલમાંથી મુકતાબેન કરમણભાઈ ભીમાણીનો શાનદાર વિજય થયો છે. વિજય મેળવ્યા બાદ તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ મતદારો અને સભાસદોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ખેડૂતોનું સર્વાંગી હિત, પારદર્શક વહીવટ અને સહકારી સંસ્થાઓનું લોકશાહી ઢબે સંચાલન એ જ તેમની મુખ્ય પ્રાથમિકતા રહેશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, JDC બેંક, ખેતી બેંક, માર્કેટિંગ યાર્ડ તેમજ વિવિધ ગ્રામ્ય સેવા સહકારી મંડળીઓ મારફતે છેવાડાના સભાસદો સુધી વિવિધ સરકારી યોજનાઓના લાભ પહોંચાડવા અને વડીલોના માર્ગદર્શન સાથે તમામ સંસ્થાઓને નવી ઊંચાઈએ લઈ જવામાં આવશે. યુવા નેતૃત્વના આ વિજય બદલ સમગ્ર જોડિયા પંથકમાંથી ખેડૂત અગ્રણીઓ, સહકારી આગેવાનો અને શુભેચ્છકો દ્વારા વિજેતા ઉમેદવારો પર અભિનંદન પાઠવાયા હતાં.

# જામનગરમાં 'મહિલા સુરક્ષા દિવસ'ની ઉજવણી






જામનગર : જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી, જામનગર દ્વારા 'નારી વંદના સપ્તાહ' અંતર્ગત "મહિલા સુરક્ષા દિવસ" નિમિત્તે ગોકુલનગર સ્થિત મુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ઉપસ્થિત વિશાળ સંખ્યામાં મહિલાઓને 'ઘરેલું હિંસા સામે મહિલાઓનું સંરક્ષણ અધિનિયમ, ૨૦૦૫' અંતર્ગત તેમના કાનૂની અધિકારો અને સરકારી સહાય સેવાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સાથે 'શી ટીમ' દ્વારા મહિલાઓને આત્મરક્ષણ, સાયબર સુરક્ષા તેમજ ઈમરજન્સી સેવાઓ અને શી ટીમની કામગીરી અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તે ઉપરાંત, જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા મહિલા કલ્યાણ અને નારી સશક્તિકરણ માટે અમલમાં મૂકાયેલી વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી તેનો મહત્તમ લાભ લેવા પ્રોત્સાહિત કરાયા હતા.

આ કાર્યક્રમમાં કોર્પોરેટર યોગેશભાઈ કણજારિયા, તૃપ્તિબેન ખેતીયા, સંગીતાબેન ગુઢકા, પ્રમુખ દર્શિતભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ વિનોદભાઈ ગૌસ્વામી, મહામંત્રી દીપકભાઈ અકબરી, શી ટીમમાંથી કલ્પનાબેન ભગત, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપાસનાબેન ઠક્કર તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. પૂજાબેન ડોડીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે DHEW, OSC, PBSC, ફસ્ટ્ર્ર અને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન સહિતના વિવિધ પ્રકલ્પોના તમામ કર્મચારીઓએ હાજર રહી જહેમત ઉઠાવી હતી.

## જામનગર શહેર કોંગ્રેસ દ્વારા પક્ષ વિરોધી પ્રવૃતિ કરતા છ સભ્યો સસ્પેન્ડ

જામનગર : જામનગર શહેર કોંગ્રેસની નેતાગીરી સમક્ષ પક્ષના કેટલાક સભ્યો દ્વારા ગત ચૂંટણી દરમિયાન પક્ષ વિરોધી પ્રવૃત્તિ, સંગઠનના હિતને નુક્સાન પહોંચાડવું વગેરે બાબતો ધ્યાનમાં આવી હતી. જે અંગે પક્ષના ઉપરી પદાધિકારીને જાણ કરવામાં આવી હતી.

જેને ધ્યાને લઈને અશોકભાઈ ત્રિવેદી, ઉમર સોઢા, નુરમામદભાઈ પલેજા, ભરત ભાનુશાળી, રાજેશસિંહ કુશવાહ અને રામદેવ ઓડેદરાને કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી તેમજ હોદ્દાઓ પર થી છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામા આવ્યા હોવાનું જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાએ જણાવ્યું છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં શ્રાવણ સુદ બીજથી ૧૫ દિવસ હિંડોળા સજાવટની પરંપરા




દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં સદીઓ જૂની પરંપરાનુસાર દર વર્ષે શ્રાવણ સુદ બીજથી શ્રાવણ વદ બીજ દરમ્યાન સતત ૧૫ દિવસ સુધી સાંજના સમયે વિવિધ પ્રકારના દ્રવ્યોથી હિંડોળા સજાવટની પરંપરા છે.

જે અંતર્ગત જગતમંદિરના નિજ સભાખંડમાં હિંડોળામાં ઠાકોરજીના બાલસ્વરૂપને બેસાડી વિવિધ પ્રકારના હિંડોળા શૃંગાર યોજવામાં આવી રહયા છે. આજરોજ હિંડોળામાં બિરાજમાન શ્રીજીના બાલસ્વરૂપને સુકામેવા સજાવટ સાથેનો શૃંગાર મનોરથ યોજવામાં આવ્યો હતો. સતત એક પખવાડિયા સુધી ચાલતાં હિંડોળા સજાવટમાં શ્રીજીના બાલસ્વરૂપને ફળ, ફૂલ, સુકા મેવા, પાનના બીડા, શાકભાજી, મોરપંખ સહિત અલગ અલગ શૃંગાર યોજવામાં આવે છે.

વારાદાર પૂજારી દ્વારા સંધ્યા સમયે ઠાકોરજીના બાલસ્વરૂપને પુનઃ શ્રીજી સન્મુખ બિરાજમાન કર્યા બાદ જ સંધ્યા અને શયન આરતી યોજવામાં આવે છે.

## જુગાર રમતી ત્રણ મહિલા સહિત સાત ઝડપાયા

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં લોહાણા મહાજન વાડી પાસે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતી રાણીબેન લાખીબેન માતંગ, કાજલબા કેસુભા જાડેજા અને મંજુબેન લાખાભાઈ જોડ નામની ત્રણ મહિલાની સ્થાનિક પોલીસે અટકાયત કરી સ્થળપરથી રૂ. ૪૬૦૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

જ્યારે ઓખામાં ગાંધી નગરી વિસ્તારમા જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મોહમદ મહેદીહસન આલમ, રવિ ભાસ્કરભાઈ જાદવ અને બાસદેવ ચંદ્રશેખર તિવારી નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઇ સ્થળપરથી રૂ. ૪૪૫૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

ઉપરાંત કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામમાં જાહેરમાં વર્લી મટકાના આંકડા ઉપર જુગાર રમતા જયેશ કાનાભાઈ થારૂ નામના શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઇ સ્થળપરથી રૂ. ૪૩૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

# કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રગીતના અપમાન બદલ ભાજપ યુવા મોરચો દ્વારા કેન્ડલ માર્ચ નિકળી



તસવીરઃ સુનિલ ચુડાસમા

તાજેતરમાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે કોંગ્રેસના રાષ્ટ્રીય કાર્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે તથા સોનિયા ગાંધીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રગીત સમાન પવિત્ર રાષ્ટ્રગાન વંદે માતરમના સંપૂર્ણ ગાન પ્રત્યે થયેલા અપમાનજનક વલણ સામે ભારતીય જનતા યુવા મોરચા,જામનગર મહાનગર દ્વારા કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર ભાજપ કાર્યાલયથી ટાઉનહોલ થઈ લીમડા લાઈન થઈ તુલશી હોટલ થઈ લાલ બંગલા સર્કલ પૂર્ણ થઇ હતી.

## જામનગર પોલીસે કેર પોર્ટલની મદદથી ૯ મોબાઈલ શોધી અરજદારોને પરત કરાયા



જામનગર : જામનગર શહેરમાં ખોવાયેલા મોબાઈલ ફોન શોધી મૂળ માલિકોને પરત આપવાની કામગીરી અંતર્ગત સીટી-એ ડિવિઝન પોલીસ દ્વારા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવી મોહન સૈનીની સૂચના અને શહેર નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. ડોડિયાની આગેવાનીમાં આ કામગીરી કરવામાં આવી હતી.

સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ખોવાયેલા મોબાઈલ અંગે નોંધાયેલી અરજીઓના આધારે કેર પોર્ટલની મદદ લેવામાં આવી હતી. પોલીસની ટેકનિકલ તપાસના પરિણામે અલગ-અલગ કંપનીના કુલ ૯ મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા, જે તમામ મોબાઈલ ફોન તેમના મૂળ અરજદારોને પરત કરવામાં આવ્યા હતા. જેથી અરજદારોએ જામનગર પોલીસની કામગીરી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## ધ્રોલના પીપરટોડામાં મહિલાને ઝેરી જનાવર કરડી જતાં મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના પીપરટોડા ગામે ખેતરમાં મગફળીના પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતી વેળાએ મહિલાને અચાનક કોઈ ઝેરી જનાવર કરડી જતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મળતી વિગતો મુજબ, ધ્રોલ તાલુકાના પીપરટોડા ગામે રાજેશભાઈ શીવાભાઈ સંઘાણીની વાડીએ રહેતા મૂળ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પાવ ગામના રહેવાસી પર્વતભાઈ સંગોડ અને તેમના પત્ની કેશરીબેન ઉંમર વર્ષ ૫૦ ભાગમાં રાખેલી ખેતીની જમીનમાં મગફળીનું વાવેતર કર્યું હતું. ત્યારે બપોરના અરસામાં ખેતરમાં મગફળીના પાકમાં જંતુનાશક દવાનો છંટકાવ કરી રહ્યા હતા. દરમિયાન કેશરીબેનના ડાબા પગમાં અચાનક કોઈ ઝેરી જનાવરે ડંખ માર્યો હતો.

જેથી કેશરીબેનની તબિયત લથડતાં તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પડધરી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે પર્વતભાઈ સંગોડની જાણના આધારે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોત અંગેની નોંધ કરી તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ પો.હેડ કોન્સ્ટેબલ આર.ડી. જાડેજા ચલાવી રહ્યા છે.

## લુડો નામનો જુગાર રમતા ચાર ઝડપાયા

જામનગર : કાલાવડ તાલુકાના મોટાવડાળા ગામમાં બાપા સીતારામ મંદિર પાસે જાહેરમાં ચાર શખ્સો મોબાઈલ ફોનમાં લુડો કિંગની મની ગેમ રમી પૈસાની હારજીતનો જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા.

સીતારામ મંદિર પાસે બાકડા પર બેસીને ફેઝલભાઈ આરીફભાઈ પોપટપોત્રા, ઈરફાનભાઈ ઈકબાલભાઈ મુલતાની, આરીફભાઈ અકબરભાઈ કાઝી અને દિપકભાઈ પ્રફુલદાસ ગોંડલીયા નામના ચાર શખ્સો મોબાઈલમાં લુડો કિંગની મની ગેમ રમતા હતા. જેને પોલીસે ઝડપી લઈ રૂ.૨,૭૫૦ રોકડા તેમજ મોબાઈલ ફોન પણ કબ્જે કર્યો હતો.

## જામનગરના ટાઉનહોલમાં રાખી મેળો બન્યો મહિલાઓ માટે આત્મનિર્ભરતાનો સ્ત્રોત






જામનગર : જામનગર શહેરના ટાઉનહોલ ખાતે તા.૧૪ થી તા.૨૧ ઓગસ્ટ સુધી રાખી મેળાનું આયોજન ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લીમીટેડ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. રાખી મેળામાં સખી મંડળો અને સંસ્થાઓના ૨૦ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા છે. જ્યાં મહિલાઓ દ્વારા રાખડીઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. રાખી મેળામાં વ્યાજબી ભાવે તેમજ નવી વેરાયટીઓની રાખડીઓ અને અન્ય સ્વદેશી વસ્તુઓના સ્ટોલ પર ગ્રાહકો મોટી સંખ્યામાં ખરીદી કરવા આવી રહ્યા છે.

રાખી મેળામાં જામનગરની જાણીતી સંસ્થા ઓમ ટ્રેનીંગ સેન્ટરનો સ્ટોલ છે. જ્યાં સંસ્થાના મનો દિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલી રાખડીઓનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ઓમ ટ્રેનીંગ સેન્ટરના રચનાબેન મહેતા જણાવે છે કે, સંસ્થાના બાળકો દ્વારા રક્ષાબંધનના તહેવાર નિમિત્તે ૧૦હજાર જેટલી રાખડીઓ બનાવવામાં આવી છે. જેમાં ડાયમંડ, મોતી, કાર્ટુન રાખડી ભાભી રાખડીઓની અનેક વેરાયટીઓ છે. છેલ્લા ૧૦ વર્ષથી બાળકો દ્વારા વિવિધ તહેવારોને અનુલક્ષીને અવનવી વસ્તુઓ બનાવવામાં આવે છે. સ્ટોલ પર રૂ.૨૦ થી રૂ.૫૦ની રકમ સુધીની રાખડીઓ ઉપરાંત લીપણ આર્ટ અને અન્ય સુશોભનની વસ્તુઓ ઉપલબ્ધ છે. રાખડીઓના વેચાણથી જે રકમ મળશે તેનો સંસ્થામાં ઉપયોગ કરવામાં આવશે. તેમ રચનાબેન જણાવે છે.

નેહાબેન દવે નામના મહિલા જણાવે છે કે, ટાઉનહોલ ખાતે સરકાર દ્વારા અમને સ્ટોલ ફાળવવામાં આવ્યો છે તે સ્ટોલ પર હાથ બનાવટની અવનવી રાખડીઓ, રેશમી દોરાની રાખડીઓ, મોતી રાખડી, બાળકો માટે ખાસ કાર્ટૂન, એલ.ઈ.ડી રાખડી સહીત વિવિધ ડિઝાઈનર રાખડીઓનું કલેકશન અમારા દ્વારા રાખવામાં આવ્યું છે. રાખી મેળાના આયોજન થકી સરકાર દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનવા માટે વિશેષ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. તે બદલ તંત્ર અને સરકારનો તેઓ આભાર વ્યક્ત કરે છે.

હીનાબા ચૌહાણ નામના સ્વ સહાય જૂથના મહિલા જણાવે છે કે, સામાન્ય રીતે કોઈ અન્ય જગ્યાએ જો વ્યક્તિગત સ્ટોલ રાખીએ તો તેનું ભાડું ઘણું વધારે હોય છે. પરંતુ રાખી મેળામાં અમને સ્ટોલ ફાળવવામાં આવ્યા જેના થકી અમે પૈસાના રોકાણ વગર રાખડીઓ સહિતની ઘર વપરાશ અને સુશોભનની વસ્તુઓનું વેચાણ કરી સારી આવક મેળવી શકીએ છીએ.

ઉલ્લેખનીય છે કે, જામનગરના ટાઉનહોલ ખાતે આયોજિત રાખી મેળો તા.૨૧ ઓગસ્ટ સુધી દરરોજ સવારે ૧૧:૦૦થી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી જનતા માટે ખુલ્લો રહેશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જામનગરના નાગરિકોને મહિલા સશક્તિકરણ અને સ્થાનિક હસ્તકલાને પ્રોત્સાહન આપતા આ રાખી મેળાનો લાભ લેવા જણાવાયું છે.

## ઉંડ-૨ સિંચાઈ યોજનાને 'સૌની યોજના' હેઠળ જોડવા ધ્રોલ માર્કેટિંગ યાર્ડના ચેરમેનની રજૂઆત



ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ધ્રોલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન રસીકભાઈ ભંડેરી દ્વારા ઉંડ-૨ સિંચાઈ યોજનાને સૌની યોજનાથી ભરવા માટે ઉંડ-૧ થી ઉંડ-૨ સુધી પાઈપલાઈન નાખવા બાબતે રાજ્યના જળસંપત્તિ મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ તેમજ સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ધ્રોલ તાલુકાના મજોઠ ગામ પાસે આવેલ ઉંડ-૨ સિંચાઈ યોજના અને ઉંડ-૧ સિંચાઈ યોજના વચ્ચે આશરે ૨૦ કિલોમીટરનું અંતર રહેલું છે. ઉંડ નદીના પટમાં અનેક ચેકડેમો આવેલા હોવાથી તેમજ છેલ્લા બે વર્ષથી જિલ્લામાં નહિવત અને ઓછો વરસાદ નોંધાયો હોવાને કારણે ઉંડ-૨ સિંચાઈ યોજનાના ઉપરવાસ તેમજ હેઠવાસના ગામોના ખેડૂતોને પિયત માટે પૂરતું પાણી મળી શકતું નથી.

હાલમાં ઉંડ-૧ સિંચાઈ યોજના પાસે 'સૌની યોજના' અંતર્ગત વાલ્વ મૂકવામાં આવેલો છે. જો આ વાલ્વથી ઉંડ-૨ સિંચાઈ યોજના સુધી પાઈપલાઈન નાખી દેવામાં આવે, તો ઉંડ-૨ ડેમ પણ સૌની યોજનાના પાણીથી ભરી શકાય તેમ છે. જેનાથી સમગ્ર વિસ્તારના ખેડૂતોને ખેતી અને પિયત માટે નિયમિત પાણી મળી રહે અને પાકને નુકસાન થતું અટકે.

ખેડૂતોના વ્યાપક હિતને ધ્યાને રાખીને આ પાઈપલાઈનનું કામ વહેલી તકે મંજૂર કરી શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગણી રસીકભાઈ ભંડેરીએ સરકાર સમક્ષ કરી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાહેર સેવા ૨૫ વર્ષ કરશે પૂર્ણ

## ભારતીય જનતા પાર્ટીની પીએમ મોદીના ૨૫ વર્ષના જાહેર સેવાના દિવસને ઉજવવા માટે દેશભરમાં સેવા સંકલ્પ મહોત્સવ ઉજવવાની તૈયારી : ૧૫ દિવસ માટે દેશભરમાં ખાસ કાર્યક્રમોનું આયોજન



નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ વર્ષ જાહેર સેવા પૂર્ણ કરવા જઈ રહ્યા છે. આ આગામી ૭ ઓક્ટોબરના રોજ પીએમ મોદીની જાહેર સેવાના ૨૫ વર્ષ પૂર્ણ થશે. નોંધનીય છે કે પીએમ મોદી ૭ ઓક્ટોબર, ૨૦૦૧ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. ત્યારથી, નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી અને પછી વડા પ્રધાન તરીકે સેવા આપી ચૂક્યા છે. ભારતીય જનતા પાર્ટીએ પીએમ મોદીના ૨૫ વર્ષના જાહેર સેવાના દિવસને ઉજવવા માટે એક મેગા પ્લાન તૈયાર કર્યો છે. ભાજપ આ પ્રસંગે દેશભરમાં "સેવા સંકલ્પ મહોત્સવ" ઉજવવાની તૈયારી કરી રહી છે.

જાહેર માહિતી અનુસાર, સેવા સંકલ્પ મહોત્સવ દરમિયાન આશરે ૧૫ દિવસ માટે દેશભરમાં ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન, સ્વચ્છતા, રક્તદાન, વૃક્ષારોપણ અને આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવશે. "નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષ" થીમ પર ડિજિટલ અને ફોટો પ્રદર્શનો યોજવામાં આવશે. સુશાસન, વિકાસ અને અંત્યોદય પર બૌદ્ધિક પરિષદો યોજાશે. યુવાનો અને સમાજના વિવિધ વર્ગો સાથે સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જન કલ્યાણકારી યોજનાઓ અંગે ખાસ શિબિરોનું પણ આયોજન કરવામાં આવશે.

પીએમ મોદીના ૨૫ વર્ષના જાહેર સેવાના અવસરે આયોજિત સેવા સંકલ્પ મહોત્સવની જવાબદારી વિનોદ તાવડેને સોંપવામાં આવી છે. અહેવાલો અનુસાર, દરેક રાજ્યમાં સાત સભ્યોની ટીમ આ અભિયાનનું નેતૃત્વ કરશે, જેમાં રાજ્ય સરકારના એક મંત્રી, સંગઠનના એક મહાસચિવ અને પાંચ નેતાઓનો સમાવેશ થાય છે.

નોંધનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ ૨૬ મેના રોજ ૧૨ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. તેમણે ૨૬ મે, ૨૦૧૪ના રોજ વડા પ્રધાનપદ સંભાળ્યું હતું. અગાઉ, નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ૫૧ વર્ષની ઉંમરે ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. તેઓ રાજ્યના ૧૪મા મુખ્ય પ્રધાન બન્યા હતા. ત્યારબાદ તેમણે ૨૦૧૪ સુધી મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી હતી, જે એક રેકોર્ડ છે. તેમણે ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ની ગુજરાત વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપને સતત બહુમતીથી જીત અપાવી હતી.

# ભારત સરકારે જમ્મુ-કાશ્મીરને સુરક્ષિત કરવા માટે નોંધપાત્ર પગલાં લીધા : સર્જિયો ગોર

## અમેરિકી રાજદૂત શ્રીનગરમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને મળ્યા

શ્રીનગર,

શ્રીનગરમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને મળ્યા પછી, ભારતમાં અમેરિકી રાજદૂત, સર્જિયો ગોરે, જમ્મુ અને કાશ્મીર માટે મુસાફરી ચેતવણી અંગે એક મોટો સંકેત આપ્યો. સર્જિયો ગોરે જણાવ્યું હતું કે અમેરિકા સમયાંતરે તેની મુસાફરી ચેતવણીઓની સમીક્ષા કરે છે. તેમણે કહ્યું કે તેઓ આજે કોઈ મોટી જાહેરાત કરી શકતા નથી, પરંતુ અમેરિકા ચેતવણી પર વિચાર કરશે. ગોરે એમ પણ કહ્યું કે જમ્મુ અને કાશ્મીર ભારતનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

તેમણે કહ્યું કે ભારત સરકારે જમ્મુ અને કાશ્મીરને સુરક્ષિત કરવા માટે નોંધપાત્ર પગલાં લીધા છે. તેથી, અમેરિકા તેના દ્વારા જારી કરાયેલી મુસાફરી ચેતવણી હળવી કરવી જોઈએ કે કેમ તે અંગે વિચાર કરશે. ગોરે જમ્મુ અને કાશ્મીરની સુંદરતાની પણ પ્રશંસા કરી. તેમણે કહ્યું કે તે એક સુંદર પ્રદેશ છે અને તેમનું માનવું છે કે ઘણા અમેરિકનો તેની મુલાકાત લેવા અને તેની સુંદરતા અને તે પ્રદાન કરતી તકોનો અનુભવ કરવા માંગે છે.

સર્જિયો ગોરને મળ્યા પછી, ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે બેઠક ખૂબ જ સારી હતી. બંને દેશો વચ્ચેના સંબંધો પર ચર્ચા કરવામાં આવી, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીર માટે અમેરિકા શું કરી શકે છે. ઓમર અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે કેટલાક લાંબા સમયથી ચાલતા મુદ્દાઓ છે જે સમય જતાં ઉકેલાઈ જશે. તેમણે આશા વ્યક્ત કરી કે આ ચર્ચાઓ ચાલુ રહેશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે સર્જિયો ગોર અને અમેરિકા વચ્ચે વધુ ચર્ચાઓ પણ થશે. તેઓ નવી દિલ્હીમાં ભારત સરકાર સાથે વ્યક્તિગત રીતે આ ચર્ચાઓને પણ આગળ ધપાવશે. ઓમર અબ્દુલ્લાએ આશા વ્યક્ત કરી કે આગામી વર્ષોમાં અમેરિકા અને જમ્મુ અને કાશ્મીર વચ્ચે સંપર્ક અને સહયોગ વધશે અને આ સંબંધ વધુ મજબૂત બનશે.

# ભારતીય સેના વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કેસમાં મહુઆ મોઈત્રા વિરુદ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ

કોલકતા,

કૃષ્ણનગર કોર્ટે તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સાંસદ મહુઆ મોઈત્રા વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું છે. ભારતીય સેના વિશે વાંધાજનક અને અભદ્ર ટિપ્પણીઓ કરવા બદલ તેમને હાજર થવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેઓ હાજર થવાનું ટાળી રહ્યા હતા. આ પછી કોર્ટે સાંસદ સામે આ કાર્યવાહી કરી છે.

મહુઆ પર એક ઈન્ટરવ્યુમાં ભારતીય સેના વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરવાનો આરોપ હતો. તે ટિપ્પણીઓ બાદ, કૃષ્ણનગરની છઋત્તસ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કોર્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, ટીએમસી સાંસદને કેસની સુનાવણી માટે ઘણી વખત શારીરિક રીતે હાજર રહેવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

સોશિયલ મીડિયા પર ભારતીય સેનાના સૈનિકો અને ગૃહમંત્રી અમિત શાહનું અપમાન કરતી ટિપ્પણીઓ પોસ્ટ કરવા ઉપરાંત, સાંસદ મહુઆ મોઈત્રાએ હિન્દુઓ દ્વારા પહેરવામાં આવતી તુલસી માલા અને મુસ્લિમ સમુદાય દ્વારા પહેરવામાં આવતી હિજાબ અંગે પણ વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરી હતી. આને ધ્યાનમાં રાખીને, ૧૨/૬/૨૦૨૬ ના રોજ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. વારંવાર સમન્સ પાઠવવા છતાં, તેઓ કોર્ટમાં હાજર રહેવામાં નિષ્ફળ રહ્યા. કૃષ્ણનગર કોર્ટે આખરે આદેશોનો અનાદર કરવા બદલ તેમની સામે ધરપકડ વોરંટ જારી કર્યું. મહુઆ મોઈત્રા તૃણમૂલ કોંગ્રેસના જાણીતા અને સ્પષ્ટવક્તા સાંસદ છે.

# જાપાન ઉગતા સૂર્યની ભૂમિ છે, યુપી સૂર્યની ભૂમિ છે, યુપી-જાપાન રોકાણ મીટમાં સીએમ યોગી

## મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશની આર્થિક-સાંસ્કૃતિક શક્તિઓ વિશ્વ સમક્ષ રજૂ કરી



નવીદિલ્હી,

યુપી-જાપાન રોકાણ મીટ ૨૦૨૬માં, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યના આર્થિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને ટાંકીને જાપાન સાથે મજબૂત સંબંધોની વાત કરી. તેમણે કહ્યું કે ઉત્તર પ્રદેશ અને જાપાન વચ્ચેનો સંબંધ ફક્ત આર્થિક ભાગીદારી સુધી મર્યાદિત નથી, પરંતુ બંને વચ્ચેના પ્રાચીન સભ્યતા વારસા સાથે પણ ઊંડો જોડાણ ધરાવે છે. સીએમ યોગીએ કહ્યું કે જાપાનને ઉગતા સૂર્યની ભૂમિ કહેવામાં આવે છે, જ્યારે ઉત્તર પ્રદેશ સૂર્ય રાજવંશની ભૂમિ છે.

મુખ્યમંત્રીએ ઉત્તર પ્રદેશને ભારતનું 'ફૂડ બાસ્કેટ' ગણાવ્યું અને કહ્યું કે ઉત્તર પ્રદેશ દેશના કુલ ખાદ્યાન્ન ઉત્પાદનમાં આશરે ૨૧ ટકા ફાળો આપે છે. તેમણે રાજ્યમાં કૃષિ અને ખાદ્ય પ્રક્રિયામાં રોકાણની તકો પર પણ ભાર મૂક્યો. જાપાન અને ઉત્તર પ્રદેશની સાંસ્કૃતિક ઓળખનો ઉલ્લેખ કરતા, સીએમ યોગીએ કહ્યું કે જાપાનને 'ઉગતા સૂર્યની ભૂમિ' કહેવામાં આવે છે, જ્યારે ઉત્તર પ્રદેશ 'સૂર્ય રાજવંશની ભૂમિ' અને 'શ્રી રામની ભૂમિ' છે. તેમણે ઉત્તર પ્રદેશને 'શ્રી કૃષ્ણની ભૂમિ', 'બુદ્ધની ભૂમિ' અને 'અમર્યાદિત સંભાવનાઓની ભૂમિ' તરીકે પણ વર્ણવ્યું. મુખ્યમંત્રીએ કહ્યું કે ઉત્તર પ્રદેશમાં કપિલવસ્તુ, સારનાથ, શ્રાવસ્તી અને કુશીનગર જેવા મહત્વપૂર્ણ બૌદ્ધ તીર્થસ્થાનો છે, જે વૈશ્વિક સ્તરે રાજ્યની ઓળખને મજબૂત બનાવે છે. તેમણે ભગવાન બુદ્ધ સાથે સંકળાયેલા કાળા મીઠાના ચોખાનો પણ ઉલ્લેખ કર્યો અને સમજાવ્યું કે તે ઉત્તર પ્રદેશની એક જિલ્લો, એક ઉત્પાદન (ODP) યોજનાનો એક ભાગ છે.

CM યોગીએ કહ્યું કે PM મોદીના માર્ગદર્શન અને સ્પષ્ટ ઈરાદા હેઠળ, ઉત્તર પ્રદેશ ભારતનું વિકાસ એન્જિન બન્યું છે, જે ભારતની ટોચની ત્રણ અર્થવ્યવસ્થાઓમાં જોડાયું છે. છેલ્લા નવ વર્ષમાં, અમે સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરી છે, અને ઉત્તર પ્રદેશની માથાદીઠ આવક ત્રણ ગણી કરવામાં સફળ થયા છીએ. અમે $1 ટ્રિલિયન અર્થતંત્ર બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ.

# ભારતીય મૂળના ગેંગસ્ટર મેજર સિંહને FBI એ મોસ્ટ વોન્ટેડ જાહેર કર્યો

વોશિંગ્ટન,

ભારતીય મૂળના ગેંગસ્ટર મેજર સિંહ, જે જગ્ગુ ભગવાનપુરિયા ગેંગનો મુખ્ય કાર્યકર છે, તેને ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI) ની મોસ્ટ વોન્ટેડ ગુનેગારોની યાદીમાં ઉમેરવામાં આવ્યો છે. યુએસ તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે ૨૯ વર્ષીય ગુનેગાર યુનાઈટેડ સ્ટેટ્સમાં ગુનાહિત સિન્ડિકેટની પ્રવૃત્તિઓમાં કથિત સંડોવણી માટે વોન્ટેડ છે.

FBI અનુસાર, જગ્ગુ ભગવાનપુરિયા ગેંગ એક સંગઠિત આંતરરાષ્ટ્રીય ગુનાહિત સંગઠન છે જે પંજાબમાં ઉદ્ભવ્યું હતું અને યુનાઈટેડ સ્ટેટ્સના કેલિફોર્નિયા જિલ્લામાં અને અન્યત્ર કાર્યરત હતું. તે રેકેટિયરિંગથી પ્રભાવિત અને ભ્રષ્ટ સંગઠનાત્મક કાવતરું, લાઈસન્સ વિના હથિયારોના વ્યવહારના વ્યવસાયમાં સામેલ થવાનું કાવતરું, નિયંત્રિત પદાર્થોનું વિતરણ કરવાના ઈરાદાથી વિતરણ અને કબજાનું કાવતરું અને નિયંત્રિત પદાર્થોનું વિતરણ કરવામાં રોકાયેલું છે.

FBI એ જણાવ્યું હતું કે સિંહ સામે કેલિફોર્નિયાના સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ માટે યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેના પર રેકેટિયર ઈન્ફ્લુઅન્સ્ડ એન્ડ કરપ્ટ ઓર્ગેનાઈઝેશન (RICO) એક્ટનું ઉલ્લંઘન કરવાના કાવતરા અને લાઈસન્સ વિનાના શસ્ત્રોના વેપારમાં સામેલ થવાના કાવતરા સંબંધિત આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે, આ આરોપો હજુ સુધી કોર્ટમાં સાબિત થયા નથી. ૨૫ જૂન, ૨૦૨૬ ના રોજ, તેમના વિરુદ્ધ ફેડરલ ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું હતું.

# રાધાકૃષ્ણન સમિતિ અને નંદન નીલેકણી સમિતિની ભલામણોને લાગુ કરવા માટે શું કાર્યવાહી થઈ?

## સુપ્રીમ કોર્ટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી પાસેથી નીટ પરીક્ષામાં સુધારા માટે લેવામાં આવેલા પગલાં અંગે માહિતી માંગી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે બુધવારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી પાસેથી નીટ પરીક્ષામાં સુધારા માટે લેવામાં આવેલા પગલાં અંગે માહિતી માંગી. કોર્ટે ખાસ પૂછ્યું હતું કે રાધાકૃષ્ણન સમિતિ અને નંદન નીલેકણી સમિતિની ભલામણોને લાગુ કરવા માટે અત્યાર સુધી શું કરવામાં આવ્યું છે.જસ્ટિસ પી.એસ. નરસિંહા અને આલોક આરાધેની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી હતી. બેન્ચે સોલિસિટર જનરલ તુષાર મહેતાને આ મામલે નવું સોગંદનામું દાખલ કરવા કહ્યું. સોગંદનામું ત્રણ અઠવાડિયામાં દાખલ કરવું પડશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે નીટ પરીક્ષામાં સુધારાઓને કાગળ પૂરતા મર્યાદિત રાખવાને બદલે કાયમી સિસ્ટમનો ભાગ બનાવવાની જરૂર છે. રાધાકૃષ્ણન સમિતિના અહેવાલનો ઉલ્લેખ કરતા, બેન્ચે કહ્યું કે સમિતિએ આને યોગ્ય રીતે એક પ્રણાલીગત સમસ્યા તરીકે ઓળખી છે અને તેને કાયમી ધોરણે લાગુ કરવું એ સૌથી મહત્વપૂર્ણ ભાગ છે.કોર્ટે એમ પણ કહ્યું કે જ્યારે પ્રક્રિયા કાગળ પર સારી દેખાય છે, ત્યારે પરિસ્થિતિ એક પરીક્ષાથી બીજી પરીક્ષામાં સંપૂર્ણપણે બદલાઈ શકે છે.સુનાવણીની શરૂઆતમાં, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને નીટ પ્રશ્નપત્ર છાપવાથી લઈને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા સુધીના સલામતી પગલાં વિશે માહિતી આપી. તેમણે જણાવ્યું કે નીટ પરીક્ષા માટે સ્થાપિત સિસ્ટમ મજબૂત છે અને તેનું ઉલ્લંઘન કરવું મુશ્કેલ છે. પ્રશ્નપત્ર તૈયાર કરતી વખતે કઈ સાવચેતીઓ લેવામાં આવે છે? સરકારે કોર્ટને માહિતી આપી કે બહુવિધ મધ્યસ્થીઓ દ્વારા પ્રશ્ન બેંક તૈયાર કરવામાં આવે છે,મધ્યસ્થીઓને ખબર નથી કે અંતિમ પ્રશ્નપત્રમાં કયા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે.

# કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ અરુણાચલ પ્રદેશમાં ચીનની ઘૂસણખોરી કરવાના દાવાને ફગાવ્યો

નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ અરુણાચલ પ્રદેશમાં ચીને ભારતીય ક્ષેત્રમાં ૬૦ કિમી સુધી ઘૂસણખોરી કરી હોવાના દાવાઓને ફગાવી દીધા છે. તેમણે કહ્યું કે સરહદ પર ખરેખર સમસ્યા છે અને કેટલાક અરુણાચલ ગ્રામજનોએ ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ તેને ચીન દ્વારા ભારતીય ગામ પર કબજો જમાવ્યો છે તે રીતે દર્શાવવું યોગ્ય નથી. રિજિજુએ કહ્યું કે સરહદ સંપૂર્ણપણે સીમાંકિત કરવામાં આવી નથી. આ જ કારણ છે કે ભારત અને ચીન ચોક્કસ વિસ્તારો વિશે અલગ અલગ દાવા કરે છે.

રિજિજુએ કહ્યું કે સરહદ અંગે સ્થાનિક ગ્રામજનોની ચિંતાઓને ગંભીરતાથી લેવી જોઈએ. તેમના મતે, સરહદ સ્પષ્ટ રીતે સીમાંકિત ન હોવાને કારણે, બંને પક્ષો વચ્ચે કેટલીક જમીન અંગે મૂંઝવણ છે. તેમણે કહ્યું કે ભારતીય બાજુના લોકો માને છે કે દેશની જમીન વધુ વિસ્તરે છે, જ્યારે ચીન બાજુ રહેતા તિબેટીઓ અને સ્થાનિક લોકો તેમના પ્રદેશની હદ અંગે અલગ અલગ દાવા કરે છે.

કેન્દ્રીય મંત્રીના મતે, ભારતીય સેના અને આઈટીબીપીએ પહેલાની સરખામણીમાં સરહદી વિસ્તારમાં પોતાનું પેટ્રોલિંગ નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યું છે. તેમણે કહ્યું કે ભારત સરહદ સુરક્ષા અંગે સંપૂર્ણપણે સતર્ક છે. રિજિજુએ લોંગજુની પેલે પાર એક સ્થાનનો પણ ઉલ્લેખ કર્યો, જ્યાં ખીણ અને નદી મળે છે. તેમના મતે, ચીની પીએલએએ ત્યાં કેટલાક માળખા અને ગામ જેવી ઈમારતો બનાવી છે.

# મુંબઈના બાંદ્રા રેલ્વે સ્ટેશન પર ૧૦ કિલોથી વધુ હશીશના જથ્થા સાથે બિહારના શખ્સની ધરપકડ

## જપ્ત કરાયેલ હશીશ આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજે ૧૦.૧૦ કરોડની હોવાનો અંદાજ




મુંબઈ,

મુંબઈ પોલીસના એન્ટી-નાર્કોટિક્સ સેલે ડ્રગ હેરફેર સામે મોટી કાર્યવાહી કરી છે, જેમાં બાંદ્રા રેલ્વે સ્ટેશન પર ૧૦ કિલો અને ૧૦ ગ્રામ હશીશ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જપ્ત કરાયેલી હશીશ આંતરરાષ્ટ્રીય બજારમાં અંદાજે ૧૦.૧૦ કરોડની હોવાનો અંદાજ છે. એન્ટી-નાર્કોટિક્સ સેલના ડીસીપી પૂર્ણિમા ચૌગુલે શ્રિંગીના જણાવ્યા અનુસાર, વર્લી એએનસીને માહિતી મળી હતી કે બિહારનો એક વ્યક્તિ ડ્રગ્સનો જથ્થો લઈને ટ્રેન દ્વારા મુંબઈ આવવાનો છે. માહિતીના આધારે પોલીસે બાંદ્રા રેલ્વે સ્ટેશન પર દેખરેખ વધારી દીધી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલ આરોપી ૩૧ વર્ષનો છે અને ઓટો ડ્રાઈવર છે. આરોપી બિહારના મોતીહારી સ્ટેશનથી ટ્રેનમાં ચઢ્યો હતો અને બાંદ્રા પહોંચ્યો હતો. પોલીસથી બચવા અને ભીડમાં ભળી જવા માટે, તે ટ્રેનના જનરલ ડબ્બામાં મુસાફરી કરતો હતો. બાંદ્રા સ્ટેશન પહોંચ્યા પછી, પોલીસે આરોપીની અટકાયત કરી અને તેની બેગની તપાસ કરી. શોધખોળ દરમિયાન, બેગમાંથી ૧૦ કિલો ૧૦ ગ્રામ હશીશ મળી આવ્યો.

# ગુડિલોવામાં આરએસએસની અખિલ ભારતીય સંકલન બેઠક યોજાશે, ૩૨ સંગઠનોના અધિકારીઓ ભાગ લેશે

## બેઠકમાં સંગઠનો વચ્ચે સંકલન સુધારવા તેમજ દેશની વર્તમાન સ્થિતિ, સામાજિક પરિવર્તન અને સમસ્યાઓના ઉકેલોની સમીક્ષા કરાશે

વિશાખાપટ્ટનમ,

આરએસએસની 'અખિલ ભારતીય સંકલન બેઠક' વિશાખાપટ્ટનમ નજીક ગુડિલોવામાં 'વિજ્ઞાન વિહાર' શાળામાં યોજાઈ રહી છે. બેઠક પહેલા, અખિલ ભારતીય પ્રચાર વડા સુનીલ આંબેકરે જણાવ્યું હતું કે તે ૧૯ ઓગસ્ટના રોજ સવારે ૯ વાગ્યે શરૂ થશે અને ૨૧ ઓગસ્ટની સાંજ સુધી ચાલુ રહેશે. વાર્ષિક અખિલ ભારતીય સંકલન બેઠકમાં આરએસએસની પ્રેરણા હેઠળ કાર્યરત કુલ ૩૨ સંસ્થાઓના મુખ્ય અધિકારીઓ હાજરી આપશે. ડૉ. મોહન ભાગવત, દત્તાત્રેય હોસાબલે, બધા સહ-મહામંત્રીઓ અને અન્ય કેન્દ્રીય અધિકારીઓ.

રાષ્ટ્રીય અધ્યક્ષો, મહામંત્રીઓ, અખિલ ભારતીય સંગઠન મંત્રીઓ અને ભારતીય મઝદૂર સંઘ, વિશ્વ હિન્દુ પરિષદ, ભારતીય જનતા પાર્ટી, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ, ભારતીય કિસાન સંઘ, રાષ્ટ્રીય સેવિકા સમિતિ અને અન્ય જેવા આરએસએસ પ્રેરિત સંગઠનોના પસંદગીના કાર્યકરો, સંકલન બેઠકમાં ભાગ લેશે. ૪૯ મહિલાઓ સહિત કુલ ૨૫૩ મુખ્ય કાર્યકરો અને આરએસએસ અધિકારીઓ સહિત ૩૨૭ પ્રતિનિધિઓ બેઠકમાં હાજરી આપે તેવી અપેક્ષા છે.

તેમણે સ્પષ્ટતા કરી કે આ બેઠક નિર્ણય લેવાની (કાર્યકારી/કાર્યકારી) બેઠક નથી, પરંતુ તેનો મુખ્ય હેતુ સમાજના કલ્યાણ માટે કામ કરતી વિવિધ સંસ્થાઓ વચ્ચેના અનુભવો શેર કરવાનો છે. બેઠકમાં સંગઠનો વચ્ચે સંકલન સુધારવા તેમજ સમકાલીન મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે. તે દેશની વર્તમાન સ્થિતિ, સામાજિક પરિવર્તન અને આ સમસ્યાઓના ઉકેલોની સમીક્ષા કરશે. વસ્તી વિષયક અસંતુલન, વસ્તી વિષયક પરિવર્તનના પરિણામો અને લેવાના જરૂરી પગલાં પર પણ ચર્ચા કરવામાં આવશે. વધુમાં, બેઠકમાં યુવાનોને ડ્રગના વ્યસનથી દૂર રાખવા માટે લેવામાં આવતા પગલાં અને ભવિષ્યમાં તમામ સંસ્થાઓ શું કરી શકે છે તેની પણ ચર્ચા કરવામાં આવશે. વ્યસન મુક્તિની સાથે, યુવાનોને જાગૃત કરવા માટેના અન્ય વિષયો પર પણ ચર્ચા કરવામાં આવશે. સંઘના સ્વયંસેવકો અને વિવિધ સંગઠનોના કાર્યકરોએ પંચ પરિવર્તન (પાંચ પરિવર્તન) પર પ્રયાસો શરૂ કર્યા છે. હવે, શતાબ્દી વર્ષ પૂર્ણ થતાં, બેઠકમાં આ વિષયોને કેવી રીતે આગળ લઈ જવું અને વિવિધ સંગઠનોની ભૂમિકા પર પણ ચર્ચા કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે વિકાસ મોડેલો પર સતત ચર્ચા થઈ રહી છે. વિકાસનો આપણો ખ્યાલ શું છે? વિકાસ ફક્ત આર્થિક વિકાસ પૂરતો મર્યાદિત નથી; તે વિવિધ પરિમાણોને સમાવે છે. બેઠકમાં આની ચર્ચા કરવામાં આવશે, અને વિવિધ સંગઠનો ભવિષ્યમાં તેમની યોજનાઓ ઘડશે. આર્થિક પાસાઓ સહિત તમામ ક્ષેત્રોને સંતુલિત કરતા એક વ્યાપક "ભારતીય વિકાસ મોડેલ" પર વિગતવાર ચર્ચા કરવામાં આવશે.

# ઓડિશામાં પૂરથી ૧૩ લાખ લોકો પ્રભાવિત; સરકારની ૧૦૦૦ કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત

## અધિકારીઓને પૂરગ્રસ્ત અને સંવેદનશીલ વિસ્તારોમાં ૨૪ કલાક દેખરેખ રાખવા સૂચના



ભુવનેશ્વર,

ઓડિશા હાલમાં તાજેતરના વર્ષોમાં સૌથી ખરાબ પૂરની સ્થિતિનો સામનો કરી રહ્યું છે. અનેક જિલ્લાઓમાં સતત ભારે વરસાદને કારણે ગામડાઓ, ખેતરો અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ઘણા વિસ્તારોમાં રોડ કનેક્ટિવિટી ખોરવાઈ ગઈ છે અને મોટી સંખ્યામાં લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. કેટલાક અસરગ્રસ્ત વિસ્તારોમાં, લગભગ ૨૫ વર્ષમાં સૌથી ભારે વરસાદ હોવાનું નોંધાયું છે. જવાબમાં, મુખ્યમંત્રી મોહન ચરણ માઝીના નેતૃત્વ હેઠળ ઓડિશા સરકારે પૂરગ્રસ્ત લોકો માટે ૧,૦૦૦ કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે. ઓડિશા સરકારે પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી તીવ્ર બનાવી છે. મોટી સંખ્યામાં લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે, અને સેંકડો રાહત શિબિરો સ્થાપવામાં આવ્યા છે. અધિકારીઓને સંવેદનશીલ વિસ્તારોમાં ૨૪ કલાક દેખરેખ રાખવા અને અસરગ્રસ્ત પરિવારોને ખોરાક, પાણી, દવાઓ અને અન્ય આવશ્યક પુરવઠો પહોંચાડવાની ખાતરી કરવા સૂચના આપવામાં આવી છે. સરકારના પ્રારંભિક મૂલ્યાંકન મુજબ, પૂરગ્રસ્ત જિલ્લાઓમાં આશરે ૧.૩ મિલિયન લોકો પ્રભાવિત થયા છે, જેમાં ૭૪ બ્લોક અને ૧,૩૬૧ ગામોનો સમાવેશ થાય છે.

લગભગ ૩૦૦,૦૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે અથવા પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. રાહત અને બચાવ કામગીરી માટે આશરે ૪૫ ઓડીઆરએએફ ટીમો, ૮ એનડીઆરએફ ટીમો અને ૫૯ ફાયર અને ઈમરજન્સી સર્વિસ ટીમો તૈનાત કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં આશરે ૫૫૦ રાહત શિબિરો ખોલવામાં આવ્યા છે. સરકારનું કહેવું છે કે નીચાણવાળા વિસ્તારો અને પૂરગ્રસ્ત ગામો પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.જાજપુર સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાંનો એક છે.

# જામનગર નજીક નંદન નિકેતન ટાઉનશીપમાં કંપનીના મેનેજરના ક્વાર્ટરમાંથી રૂ.૪.૫૮ લાખની તસ્કરી

## કબાટની તિજોરીના ખાનામાંથી સોના ચાંદીના દાગીના, રોકડ મળી કુલ રૂ.૪.૫૮ લાખની માલમતા ગાયબ

જામનગર : જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ નજીક આવેલી નંદન નિકેતન ટાઉનશીપમાં ખાનગી કંપનીના ક્વાર્ટરમાં તસ્કરોએ ત્રાટકી દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી લોખંડના કબાટમાંથી સોનાના દાગીના, ચાંદીની ચીજવસ્તુઓ તથા રોકડ મળી કુલ રૂ.૪.૫૮ લાખની માલમતા ચોરી કરી ગયાની ફરિયાદ સિક્કા પોલીસ મથકમાં નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ નયારા એનર્જી લિમિટેડમાં ઓપરેશન વિભાગમાં સિનિયર મેનેજર તરીકે છેલ્લા પંદર વર્ષથી ફરજ બજાવે છે અને કંપની તરફથી નંદન નિકેતન ટાઉનશીપમાં ક્વાર્ટર ફાળવવામાં આવ્યું છે. તેમના બાળકોના અભ્યાસને કારણે પરિવાર છેલ્લા ચાર માસથી જામનગરના પંચવટી સર્કલ નજીક સફલ એપાર્ટમેન્ટમાં ભાડાના મકાનમાં રહે છે, જ્યારે રજાના દિવસોમાં તેઓ નંદન નિકેતનના ક્વાર્ટરે આવતા જતા હતા.

તેમજ ક્વાર્ટરની ચાવી પરિવાર ઉપરાંત ઓળખીતા એક વ્યક્તિના ઘરે પણ રાખવામાં આવતી હતી અને છેલ્લા સાત વર્ષથી કામકાજ માટે આવતાં કામવાળા મહિલા બપોરના સમયે ક્વાર્ટરમાં સફાઈ કરવા આવતી હતી.

તા.૧૬ ઓગસ્ટના રોજ રવિવાર હોવાથી ફરિયાદી નીતિનભાઈ યશવંતભાઈ દીક્ષીત પરિવાર સાથે ક્વાર્ટરે આવ્યો હતો અને સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ મકાનને તાળું મારી જામનગરના ફ્લેટે પરત ગયો હતો. બીજા દિવસે સવારે ટાઉનશીપમાં સામે રહેતા હિતેશભાઈ પટેલે ફોન કરી મકાનના દરવાજાનું તાળું તૂટેલું હોવાનું જણાવતાં ફરિયાદી પત્ની સાથે ક્વાર્ટરે પહોંચ્યો હતો. તપાસ કરતાં દરવાજાનો નકુચો તૂટેલો જોવા મળ્યો હતો. ટાઉનશીપના સુરક્ષા કર્મચારીઓ ઉપરાંત પોલીસ લાયઝન અધિકારી તથા કંપનીની ડોગ સ્કવોડના કર્મચારીઓ પણ સ્થળે પહોંચ્યા હતા.

મકાનની અંદર તપાસ કરતાં રૂમો ખુલ્લા જોવા મળ્યા હતા અને ઘરનો સામાન વેરવિખેર હતો. એક લોખંડના કબાટમાંથી બે સોનાની ચેન, સોનાની બુટ્ટી, લોકેટ, વીંટીઓ, ગળાનો સેટ, ચાર સોનાની બંગડીઓ, મંગલસૂત્ર તથા નાકના સોનાના દાણા સહિતના દાગીના, ચાંદીના ઝાંઝર, ત્રણ કટોરી અને દીવો તેમજ રોકડા રૂ.૧૩ હજાર મળી કુલ રૂ.૪.૫૮ લાખ જેટલી માલમતા ગાયબ હતી. બીજા રૂમના કબાટમાંથી ફરિયાદીની પુત્રીની સોનાની બે બુટ્ટી અને નાકનો સોનાનો દાણો પણ ચોરાઈ ગયો હતો.

ચોરોએ કબાટમાં રાખેલા લેપટોપ અને બે આઈફોનને હાથ લગાવ્યો ન હતો. ક્વાર્ટરમાં સફાઈ માટે આવતી કામવાળી મહિલાએ પોલીસને જણાવ્યું હતું કે, અગાઉના દિવસે બપોરે એક વાગ્યાની આસપાસ ઘરકામ કરી દરવાજો લોક કરીને તે નીકળી ગઈ હતી અને તે સમયે બધું વ્યવસ્થિત હતું. આ અંગે નીતિનભાઈ યશવંતભાઈ દીક્ષીતે ફરિયાદ નોંધાવતા સિક્કા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### આરોપી નાશી જવાના બનાવમાં મહિલા જમાદાર રાધાબેન ગોજીયા સસ્પેન્ડ

# જામનગરમાં હોમગાર્ડને ચકમો આપી નાશી ગયેલો આરોપી ઝડપાયો

જામનગર પોલીસના જાપ્તામાંથી બે દિવસ પહેલાં નાસી ગયેલો આરોપીને એલ.સી.બી.ના હાથે દબોચી લીધો હતો. એલ.સી.બી.એ દ્વારકા પંથકમાંથી આરોપીને પકડી પાડી સીટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.



સિટી સી ડિવિઝનના ગુનામાં સંડોવાયેલો આરોપી મીત ઉર્ફે મિતેષ ઉર્ફે મીતલો સુનીલભાઈ બારીયાને હોમગાર્ડ સભ્ય કિરણકુમાર ત્રિવેદી ફોટા અને ફિંગરપ્રિન્ટ લેવડાવવા માટે જમાદારના સ્કૂટરમાં એમ.ઓ.બી. શાખા ખાતે લાવ્યા બાદ પરત લઈ જતા હતા. એક્સેસ બાઈક પર આરોપી મીતને પાછળ બેસાડીને લઈ જતા હતા ત્યારે એમ.પી. શાહ કોલેજના ખૂણે બેટરીની દુકાન પાસે બે-ત્રણ વાહનો વચ્ચે આવી જતાં ટ્રાફિક દરમિયાન હોમગાર્ડ કર્મચારીએ સ્કૂટર ધીમું કરતા જ આરોપી મીત ચાલુ બાઈકમાંથી નીચે ઉતરી પાછળ આવતા પ્રકાશ ઉર્ફે પકોની હોન્ડા બાઈક પર બેસી પુલ પરથી આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

જેને લાઈને એલસીબી તપાસના ચક્રો ગતિમાન કરી આરોપી મિતેષ ઉર્ફે મીત ઉર્ફ મીતલો સુનીલભાઈ બારીયા (ઉ.વ.૧૯ રહે.વુલનમીલ ખેતીવાડી જામનગર)ને દ્વારકામાંથી પકડી પાડયો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી અગાઉ પણ ૩ વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યાનું ખૂલ્યું છે. આરોપીના નાશી જવાના આ પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા રવિકુમાર સૈનીએ સીટી-સી ડિવિઝનના એમઓબી વિભાગમાં ફરજ બજાવતાં મહિલા જમાદાર રાધાબેન ગોજીયાને સસ્પેન્ડ કરી દીધા છે.

# ખંભાળિયામાં રહેણાંક મકાનમાં જુગાર રમતી સાત મહિલા ઝડપાઈ

## અડધા લાખની રોકડ, ૭ મોબાઈલ અને કાર સહિત રૂ. ૩.૮૬ લાખનો મુદ્દામાલ કબ્જે

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં ચાલતા એક રહેણાંક મકાનમાં પોલીસે જુગારના અખાડાનો પર્દાફાશ કર્યો હતો જેમાં એક મહિલા સહિત સાત શખ્સની અટકાયત કરી સ્થળપરથી એક કાર, રોકડ રકમ, મોબાઈલ ફોન સહિત રૂ. પોણા ચાર લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો દરોડા દરમિયાન એક શખ્સ નાસી જતા પોલીસે તેને ઝડપી લેવા કમ્મર કસી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ખંભાળિયા શહેરમાં બસ સ્ટેશન રોડ પર આવેલી વૃંદાવન નર્સરીની બાજુમાં રહેતો દિલીપગર ઉર્ફે ડકો ભીમગર ગોસ્વામી નામનો શખ્સ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હોય તેવી બાતમીના આધારે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સંચાલક દિલીપગર ગોસ્વામી સહિત સુરેશભાઈ હમીરભાઈ સિંધવ,લખમણભાઈ લાખાભાઈ સંધીયા, કારાભાઈ માણસીભાઈ પતાણી, જયદીપસિંહ જયેન્દ્રસિંહ ચુડાસમા, વનરાજસિંહ જગદીશસિંહ જાડેજા અને નીતાબેન કમલેશગીરી ગોસ્વામી નામની મહિલા સહિત સાત શખ્સની અટકાયત કરી સ્થળપરથી રૂ. ૫૦૮૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૩૫ હજારની કિંમતના સાત નંગ મોબાઈલ ફોન અને રૂ. ૩ લાખની કિંમતની એક મોટરકાર સહિત કુલમળી રૂ. ૩.૮૬ લાખની મતા કબ્જે લઈ તમામ વિરુદ્ધ જુગારધારા ૪-૫ મુજબ ગુન્હો દાખલ કર્યો હતો જ્યારે કરસનભાઈ સોમાભાઈ વાઘેલા નામનો શખ્સ નાસી જતા તેની શોધખોળ આદરી છે.

# મોરકંડામાં પત્ની પર ચારિત્ર્ય અંગે શંકા કરી પતિનો તલવારથી જીવલેણ હુમલો

## માથા, ગળા અને હાથમાં તલવારના ઘા મારતા ગંભીર ઈજા, પતી હુમલો કરી નાશી છૂટ્યો

જામનગર : જામનગરના મોરકંડા રોડ વિસ્તારમાં ચારિત્ર્ય અંગેની શંકાને લઈને પતિએ પત્ની સાથે બોલાચાલી કર્યા બાદ તલવાર વડે જીવલેણ હુમલો કરતા પત્નીને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાઈ છે. જ્યારે બનાવની જાણ થતાં પોલીસ હોસ્પિટલ દોડી ગઈ હતી.

કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. હુમલામાં મહિલાને માથાના ભાગે છ, ગળામાં બે તથા બંને હાથ અને ડાબા કાનમાં તલવારના ઘા લાગ્યા હતા. મોઢાના બે દાંત પણ તૂટી જતાં લોહીલુહાણ હાલતમાં તેણીને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી.



તસવીરઃ સુનિલ ચુડાસમા

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર નજીક બેડી વિસ્તારમાં રહેતી નસીમબેન બોદુભાઈ વગીડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની ૩૨ વર્ષીય પુત્રી રેશમાબેનના લગ્ન આશરે ૧૧ વર્ષ પહેલાં હબીબ હસનભાઈ મજબુલ સાથે થયા હતા. હાલમાં દંપતી મોરકંડા રોડ પર રબાની શેરી નં. ૧માં ભાડાના મકાનમાં રહેતું હતું.

આશરે આઠ દિવસ પહેલાં હબીબ પત્નીના ચારિત્ર્ય અંગે શંકા રાખતો હોવાથી રેશમાબેન રીસામણે માતાના ઘરે આવી હતી. જોકે, ચાર દિવસ પહેલાં પરિવારજનો વચ્ચે સમાધાન થતાં હબીબ પત્નીને પરત ઘરે લઈ ગયો હતો.

દરમિયાન ગઈકાલે બપોરે આશરે ચાર વાગ્યે રેશમાબેને અજાણ્યા નંબર પરથી માતાને ફોન કરી જણાવ્યું હતું કે, પતિએ તેને તલવારના ઘા માર્યા છે અને પાડોશીઓ તેને હોસ્પિટલ લઈ જઈ રહ્યા છે. ત્યારબાદ માતા, પિતા અને ભાઈ તોશીફભાઈ તાત્કાલિક જી.જી. હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં રેશમાબેન સારવાર હેઠળ જોવા મળી હતી. તેના માથાના ભાગે છ, ગળામાં બે તેમજ બંને હાથમાં તલવારના ઘા અને ડાબા કાનમાં ઈજા થઈ હતી. મોઢાના બે દાંત પણ તૂટી ગયા હતા.

જ્યાં રેશમાબેને પરિવારજનોને જણાવ્યું હતું કે, કામેથી ઘરે પરત ફર્યા બાદ હબીબે તેની સાથે બોલાચાલી કરી હતી અને ત્યારબાદ ઘરમાં પડેલી તલવાર કાઢી તેના પર આડેધડ ઘા મારવા લાગ્યો હતો. રેશમાબેન રાડો પાડતાં હબીબ ત્યાંથી નાસી ગયો હતો અને ત્યારબાદ પાડોશીઓ તથા મકાન માલિકે તેને હોસ્પિટલ પહોંચાડી હતી. આ બનાવ અંગે પોલીસે હબીબ હસનભાઈ મજબુલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં સ્કુટરના ચાલકે બાઈકને ટક્કર મારતા આધેડ ચાલકનું મોત નીપજ્યું

જામનગર : જામનગરમાં પટેલ કોલોની શેરી નં. ૬, ખાદિમની દુકાન પાસે એ-વન ફ્લાવરની સામે વળાંક લેતી વખતે સ્પ્લેન્ડર મોટરસાયકલના ચાલકે પુરઝડપે અને બેદરકારીપૂર્વક હંકારી એક્સેસ મોટરસાયકલને ટક્કર મારતાં તેના ચાલકને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેઓને હોસ્પિટલ ખસેડેલ જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પુત્ર મહીપાલસિંહ જાડેજાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના પિતા પ્રવિણસિંહ જાડેજા (૫૦) એક્સેસ મોટરસાયકલ લઈને પટેલ કોલોની શેરી નં. ૬ તરફથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ફૈઝાન મહમદહુશેન જામ સ્પ્લેન્ડર મોટરસાયકલ નં. જીજે-૧૦-ઈએફ-૯૫૨૨ લઈને પુરઝડપે અને ગફલતભરી રીતે આવતાં એક્સેસને ટક્કર મારી હતી.

જે અકસ્મતમાં પ્રવિણસિંહને માથામાં ગંભીર ઈજા સહિત શરીરે છોલછાલની ઈજાઓ થતાં તેમને જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ સપલેન્ડર બાઈકના ચાલક ફૈઝાન મહમદહુશેન જામ સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામજોધપુરના પરડવા ગામે પરિણીતા પર બ્લેકમેઈલનો આરોપ લગાડતા કર્યો આપઘાત

## પાઈપ અને લાકડાથી માર માર્યાનો ત્રણ શખ્સો સામે ગુનો નોંધાયો

જામજોધપુર : જામજોધપુર તાલુકાના પરડવા ગામમાં એક પરિણીતાને બ્લેકમેઈલ કરવાનો આરોપ મૂકી તેના ઘરે પહોંચેલા શખ્સોએ પ્લાસ્ટિકના પાઈપ તથા લાકડાના બટકાથી તેમજ ઢીકાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા બાદ મહિલાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી છે. આ બનાવ અંગે જામજોધપુર પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ પરડવા ગામના વિરમભાઈ ભીખાભાઈ ગોઢાણીયાની પત્ની લીલુબેન ઉપર બ્લેકમેઈલ કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. જેના આધારે રણમલભાઈ ઉર્ફે કારાભાઈ ભીમાભાઈ પરમાર, અરજણભાઈ કેશુભાઈ પરમાર તથા નાગાભાઈ કેશુભાઈ પરમારને લીલુબેનના ઘરે મોકલ્યા હતા. જ્યાં બંને શખ્સોએ લીલુબેનને પ્લાસ્ટિકના પાઈપ તથા લાકડાના બટકાથી અને ઢીકાપાટુનો માર મારી શરીરે મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. તેમજ ગાળો આપી ગામ છોડીને જતા રહેવા જણાવ્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

જેથી લીલુબેનને લાગી આવતા પોતાના રહેણાંક મકાનની છતની હુકમાં સાડી વડે ગળેફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે જામજોધપુર પોલીસ મથકમાં રણમલભાઈ ઉર્ફે કારાભાઈ ભીમાભાઈ પરમાર, અરજણભાઈ કેશુભાઈ પરમાર અને નાગાભાઈ કેશુભાઈ પરમાર સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એલ. ઓડેદરા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં દિલ્હી દરબાર રેસ્ટોરન્ટમાંથી ૧૦.૩૯ લાખની વીજચોરી ઝડપાઈ

જામનગર : જામનગર શહેરમાં પીજીવીસીએલ દ્વારા વીજચોરી અને વીજવપરાશમાં ગેરરીતિ શોધવા માટે હાથ ધરવામાં આવેલી ચેકિંગ ઝુંબેશ દરમિયાન શહેરના ગુલાબનગર રોડ પર આવેલા દિલ્હી દરબાર રેસ્ટોરન્ટમાંથી ૧૦.૩૯ લાખની વીજચોરી ઝડપાઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

પીજીવીસીએલની ટીમ દ્વારા ચેકિંગ દરમિયાન શહેરના ગુલાબનગર વિસ્તારમાં દિલ્હી દરબાર રેસ્ટોરન્ટના વીજજોડાણની તપાસ કરવામાં આવી હતી. તપાસમાં મીટર ન હોવા છતાં ગેરકાયદે વીજવપરાશ કરવામાં આવતો હોવાનું સામે આવતા વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન સ્થળ પરથી વીજચોરી કરવા માટે ઉપયોગમાં લેવાયેલ સામાન કબજે લેવામાં આવ્યો હતો તેમજ સ્થળ રોજકામ, ચેકિંગ સીટ, વીજચોરીના પુરવણી બિલનું ગણતરી પત્રક, સીઝર મેમો તથા સ્થળનો નકશો સહિતના દસ્તાવેજો તૈયાર કરી પીજીવીસીએલના અધિકારી દ્વારા જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં રૂપિયા ૧૦.૩૯ લાખની વીજચોરીની લેખિત ફરિયાદ કરવામાં આવતા દિલ્હી દરબાર રેસ્ટોરન્ટના સંચાલક સામે વીજચોરી અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આજ હોટલમાંથી અગાઉ પણ તા. ૨૭.૪.૨૦૨૫ ના રોજ રૂપિયા ૪.૭૬ લાખની વીજચોરી પકડાઈ હતી. હાલ તપાસ દરમિયાન આ બીજી વખત પકડાઈ છે.

# જામનગરમાં આજે ૨૩માં તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનનો નિર્વાણ કલ્યાણક ઉજવાયો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં આવેલા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયે કલિકાલ કલ્પતરુ, અચિન્ત્ય ચિંતામણી, પ્રગટ પ્રભાવી શ્રી પાર્શ્વનાથ પરમાત્માનું આજે નિર્વાણ કલ્યાણક ઉજવવામાં આવ્યું હતું.

આજે ૨૩માં તીર્થંકર ભગવાનશ્રી પાર્શ્વનાથદાદાનું નિર્વાણ કલ્યાણક કલ્યાણકારી નિશ્રા યુગપ્રધાન આચાર્યસમ પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર ચંદ્રશેખરવિજયજી મહારાજાના શિષ્યરત્ન નવકાર મહામંત્ર લેખન પ્રણેતા પૂ. મુનિરાજ દિવ્યપદ્મવિજયજી મ.સા. તથા પૂ. આ. હેમવલ્લભસૂરિ મ. સ. શિષ્યરત્ન પૂ. મુનિરાજ દેવર્ષિવલ્લભવિ, મ. સા. તથા સાધ્વીવર્યા હર્ષગુણાશ્રીજી આદિ ઠાણાની નિશ્રામાં પરમાત્માના કલ્યાણક નિમિતે આજે સવારે ૬ કલાકે પ્રભુ મિલન વિશિષ્ટ મંત્રોચ્ચાર પૂ. મુનિરાજ દેવર્ષિવલ્લભવિજયજી મ.સા.એ કર્યા હતાં. મંત્રોચ્ચારની સાથે મ.સા.એ પ્રભુ ભક્તિમાં શું તાકાત હોય છે તેના અનેક સત્ય ઘટના આધારીત દ્રષ્ટાંતો આપ્યા હતાં. ઉપસ્થિત સૌ લોકો ભાવુક થઈ જતાં આંખોમાંથી અશ્રુઓની ધારા વહી હતી તથા સુમધુર સંગીત ભક્તિ ગીત કેતનભાઈ દેઢીયાના સથવારે વિશિષ્ટ દ્રવ્યો દ્વારા પરમાત્મા અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેકમાં મોટી સંખ્યામાં જામનગરના તમામ સંઘના ભાઈઓ-બહેનો, બાળકો હાજર રહી સોના,ચાંદી, દૂધ વગેરે અનેક ઔષધિનો અભિષેક કર્યો હતો.

આજે સાંજે ૬ વાગ્યા બાદ ભગવાનન વિશિષ્ટ આંગી કરવામાં આવશે. જેનો મોટી સંખ્યામાં લોકો લાભ લેશે. રાત્રે ૮:૩૦ કલાકે કેતનભાઈ દેઢિયા ભક્તિ-સંગીત-સ્તવન રજૂ કરશે. ત્યારબાદ આરતી-મંગલદીવો કરવામાં આવશે.